સુવિચાર

સારા વિચારો, સારા શબ્દો અને સારા કાર્યો જ સફળ જીવનની ચાવી છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




HCL કૌભાંડ: બિયોન્સ બાયો સાયન્સ-રામનાથના વિજ કનેકશન કટ...! P-4


Year-16, Issue-159 ■ DATE : 14-10-2025 TUESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI


# દિવાળીના તહેવારોમાં દેશમાં થશે ૫ લાખ કરોડનો વેપાર!

## કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ (CAIT)નો દાવો: અર્થતંત્ર માટે નવો બૂસ્ટર ડોઝ: બજારોમાં સ્વદેશી ઉત્પાદનોની માંગમાં નોંધપાત્ર ઉછાળો



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દિવાળી પ્રકાશનો તહેવાર નજીક આવી રહી છે દેશભરના બજારોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. રંગબેરંગી સજાવટ, ભીડ અને ખરીદીની ભાવનાએ આ તહેવારોની મોસમને ખાસ બનાવી છે. કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ (CAIT) અનુસાર આ વર્ષની દિવાળીમાં કુલ રૂા.૫ લાખ કરોડથી વધુનો વેપાર થવાની ધારણા છે, જે એક દાયકામાં સૌથી આકર્ષક તહેવારોની મોસમ છે.

CAITના રાષ્ટ્રીય મહાસચિવ અને દિલ્હીના ચાંદની ચોક મતવિસ્તારના સંસદ સભ્ય પ્રવીણ ખંડેલવાલે જણાવ્યું હતું કે વડા પ્રધાન મોદી દ્વારા GST દરોમાં ઘટાડો અને વોકલ ફોર લોકલ ઝુંબેશથી વ્યાપાર જગતમાં નવજીવન આવ્યું છે. તેમણે કહ્યું, આ દિવાળી ફક્ત ઘરો જ નહીં પરંતુ દેશભરના લાખો વેપારીઓ, ઉત્પાદકો, કારીગરો અને સેવા કર્મચારીઓના જીવનને પણ ઉજ્જવળ બનાવશે.તેમણે ઉમેર્યું કે ઘ્ન્ત્ન એ ૩૫ થી વધુ શહેરોમાં સર્વેક્ષણો હાથ ધર્યા હતા અને વેપારી સંગઠનો દ્વારા ૧૦૦ થી વધુ શહેરોમાંથી ઓનલાઈન પ્રતિસાદ મેળવ્યો હતો.નવરાત્રી સિઝન દરમિયાન નોંધાયેલા લોકોના આગમનના આધારે કન્ફેડરેશનનો અંદાજ છે કે માત્ર માલ અને છૂટક વેચાણમાં જ રૂ. ૪.૭૫ લાખ કરોડનો વેપાર થશે, જે એક રેકોર્ડ ઉચ્ચ સ્તર છે.

ખંડેલવાલે નોંધ્યું હતું કે આ વર્ષના બજારોમાં સ્વદેશી ઉત્પાદનોની માંગમાં નોંધપાત્ર ઉછાળો જોવા મળી રહ્યો છે. પરંપરાગત બજારોથી લઈને આધુનિક મોલ સુધી, ભારતીય ઉત્પાદનો દરેક જગ્યાએ છે. દરેક ક્ષેત્રના ગ્રાહકો સંપૂર્ણ ખરીદી કરી રહ્યા છે, જે દેશના સ્થાનિક અર્થતંત્રમાં નવી ઉર્જાનો સંચાર કરી રહ્યા છે.

દિવાળી માટે લાખો લોકો નાના પાયે ખરીદી કરી રહ્યા છે, જ્યારે લાખો લોકો મોટો ખર્ચ કરી રહ્યા છે. આ ઉત્સાહ આ સિઝનને ભારતના રિટેલ ક્ષેત્ર માટે સુવર્ણ તક બનાવી રહ્યો છે. આવકવેરા મુક્તિ, વ્યાજ દરમાં ઘટાડો અને GST ઘટાડાની ત્રિપુટીએ આ તહેવારોની મોસમનો ઉત્સાહ વધાર્યો છે. બજારોમાં ભારે ગતિવિધિ જોવા મળી રહી છે, જેના કારણે વેપારીઓ આશા રાખી રહ્યા છે કે નવરાત્રિથી શરૂ થતી અને દિવાળી સુધી ચાલુ રહેતી વર્તમાન તહેવારોની મોસમ દરમિયાન ખરીદી અને વેચાણના અગાઉના તમામ રેકોર્ડ તૂટી જશે. આ વર્ષે, વડા પ્રધાન મોદીના સ્વદેશી અપનાવવાના આહ્વાનને પગલે ખરીદદારોમાં ભારતીય ઉત્પાદનોની માંગ વધી છે.

કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ (CAIT) ના રાષ્ટ્રીય મહાસચિવ પ્રવીણ ખંડેલવાલે જણાવ્યું હતું કે દિવાળી પહેલાના તહેવારોની મોસમમાં દેશભરના છૂટક બજારોમાં રૂા.૫ લાખ કરોડનું ટર્નઓવર જોવા મળશે. આ અગાઉના તહેવારોની મોસમના રૂા.૪.૨૫ લાખ કરોડ કરતા ૧૧.૭૬ ટકાનો વધારો છે. આ મુખ્યત્વે સ્વદેશી ઉત્પાદનો દ્વારા સંચાલિત થશે. ખંડેલવાલે ઉમેર્યું હતું કે આવકવેરા, વ્યાજ દરો અને GSTમાં આપવામાં આવેલી રાહતથી લોકોમાં તહેવારોની ખરીદી માટે ઉત્સાહ વધ્યો છે. નવરાત્રિ અને કરવા ચોથના ઉત્તમ વેચાણના આંકડા આ વાતને પ્રતિબિંબિત કરે છે. ધનતેરસ અને દિવાળી હજુ આવવાની બાકી છે. CAITના મતે, દિવાળી પહેલા તહેવારોનું વેચાણ છેલ્લા ચાર વર્ષથી વધી રહ્યું છે..

CAITનો દાવો છે કે ચીની ઉત્પાદનોનો બહિષ્કાર કરવાનો ટ્રેન્ડ વર્ષ-દર-વર્ષ વધુ મજબૂત બની રહ્યો છે. ગલવાન ઘટના પછી, વેપારીઓ અને ગ્રાહકો બંને ચીની ઉત્પાદનોની ખરીદી અને વેચાણ ટાળી રહ્યા છે. આ દિવાળીમાં, ચીની ઉત્પાદનો બજારોમાંથી લગભગ ગેરહાજર છે.

આ તહેવારોની મોસમમાં, FMCG થી લઈને કાપડ, કરિયાણા અને ઓટોમોબાઈલ સુધી, દરેક ક્ષેત્રમાં બમ્પર વેચાણની અપેક્ષા છે. આ વખતે ખરીદદારો જે સ્વદેશી ઉત્પાદનો માટે ખૂબ ઉત્સાહ બતાવી રહ્યા છે તેમાં માટીના દીવા, મૂર્તિઓ, દિવાલ પર લટકાવેલા સામાન, હસ્તકલા, પૂજાની વસ્તુઓ, ઉત્પાદનો, ગૃહ સજાવટ, ઇલેક્ટ્રોનિક્સ, ઓટોમોબાઈલ અને કાપડનો સમાવેશ થાય છે.

# ભારતે વેસ્ટઈન્ડીઝને સાત વિકેટે હરાવી ટેસ્ટ સીરીઝ જીતી




**મુખ્ય સમાચાર, નવી દિલ્હી**

ભારતે વેસ્ટ ઈન્ડીઝને ૭ વિકેટે હરાવી ટેસ્ટ સિરીઝમાં ૨-૦થી ક્લીન સ્વીપ કર્યું. ભારતીય ટીમે વેસ્ટ ઈન્ડીઝ વિરુદ્ધની ૨ મેચની ટેસ્ટ સિરીઝમાં ૨-૦થી ક્લીન સ્વીપ કરી લીધું છે. ટીમે મંગળવારે બીજી ટેસ્ટમાં વેસ્ટ ઈન્ડીઝને ૭ વિકેટથી હરાવ્યું. ભારતે પહેલી ટેસ્ટ ઈનિંગ્સ અને ૧૪૦ રનથી જીતી હતી.

દિલ્હી ટેસ્ટમાં ભારતને ૧૨૧ રનનો ટાર્ગેટ મળ્યો હતો, જે ભારતે ૩ વિકેટના નુકસાને ચેઝ કરી લીધો. કેએલ રાહુલે ચોગ્ગો લગાવીને જીત અપાવી. તે ૫૮ રન બનાવીને અણનમ પરત ફર્યો. શુભમન ગિલે કેપ્ટન તરીકે પોતાના હોમ ગ્રાઉન્ડ પર પહેલી ટેસ્ટ સિરીઝ જીતી છે.

એક દિવસ પહેલાં ફોલોઑન રમી રહેલી વેસ્ટ ઈન્ડીઝ બીજી ઈનિંગ્સમાં ૩૯૦ રન બનાવીને ઓલઆઉટ થઈ હતી. પહેલી ઈનિંગ્સમાં ભારતે ૫૧૮ અને વેસ્ટ ઈન્ડીઝે ૨૪૮ રન બનાવ્યા હતા. ભારતને પહેલી ઈનિંગ્સમાં ૨૭૦ રનની મોટી લીડ મળી હતી. ભારતની પહેલી ઈનિંગ્સમાં કેપ્ટન શુભમન ગિલે અણનમ ૧૨૯ અને યશસ્વી જયસ્વાલે ૧૭૫ રન બનાવ્યા હતા.

વેસ્ટ ઈન્ડીઝ સામે જીત મેળવ્યા બાદ ભારતીય ટીમ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ૨૦૨૫-૨૭ સાયકલના પોઈન્ટ્સ ટેબલમાં નંબર-૩ પર છે. ટીમની સ્થિતિમાં કોઈ ફેરફાર થયો નથી.

# સોના-ચાંદીમાં આગ ઝરતી તેજી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સોના-ચાંદીમાં ભાવો બેકાબુ બન્યા હોય અને અવિરત તેજીનું વાવાઝોડુ હોય તેમ ભાવમાં આજે પણ ધરખમ ઉછાળો નોંધાયો હતો. ચાંદી સડસડાટ બે લાખના સ્તરે પહોંચવા લાગી હોય તેવુ ચિત્ર હતું જયારે સોનું ૧.૩૦ લાખની સપાટીને પાર થયુ હતું.

વિશ્વ સ્તરે સોના-ચાંદીનાં ભાવ સતત સળગતા હોય તેમ આજે વધૂ ઉછાળો હતો.રાજકોટમાં આજે સવારે હાજર સોનું ૧.૩૦,૭૬૦ થયુ હતું ૨૦૦૦ રૂપિયાથી અધિકનો ઉછાળો હતો. કોમોડીટી એકસચેંજમાં ૧૨૬૬૪૦ તથા વિશ્વ બજારમાં ૪૧૬૪ ડોલરના રેકોર્ડસ્તરે પહોંચ્યુ હતું. ચાંદીની તેજી તો સોનાથી પણ ધરખમ હતી. રાજકોટમાં હાજર ચાંદી ૬૬૦૦ રૂપિયાના ઉછાળા સાથે ૧૯૧૪૦૦ હતી. કોમોડીટી એકસચેંજમાં ભાવ ૧૬૧૩૪૦ તથા



વિશ્વબજારમાં ૫૩.૧૬ ડોલર હતી. કોમોડીટી એકસચેંજનાં વાયદા તથા હાજર ચાંદી વચ્ચેનો ભાવ તફાવત ચાંદીમાં ૩૦,૦૦૦ પર પહોંચ્યો હતો.જયારે સોનામાં ૨૦૦૦ હતો.

ચાંદીમાં ધરખમ પ્રિમીયમ પાછળનું કારણ ફીઝીકલ માલની અછતનું રહ્યું છે. પુષ્યનક્ષત્ર ધનતેરસ જેવા ખરીદીનાં પવિત્ર દિવસોનાં સમયે જ ચાંદીમાં માલની અછત છે.એકાદ સપ્તાહથી માલની તંગી છે. સામે ડીમાંડ સતત ઉભી છે અને એટલે ભાવ ડબલ વેગથી વધી રહ્યા છે. વેપારીઓએ તો અઠવાડીયાથી જ બુકીંગ ઓર્ડર બંધ કરી દીધા છે.

# ભારત મહાન દેશ છે: ડોનાલ્ડ ટ્રમ્પ

**મુખ્ય સમાચાર, કાઈરો**

ઈઝરાયેલ-હમાસ યુદ્ધમાં શાંતિ સમજુતીને આગળ ધપાવવા માટે આજે ઈજીપ્તના પાટનગર કાઈરો પહોંચેલા અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈઝરાયેલ-હમાસના યુદ્ધ વિરામનો ઉલ્લેખ કરતા ફરી એક વખત પોતે હવે સાત નહી આઠ યુદ્ધનો અંત લાવ્યો છે તેવા દાવામાં ભારત-પાકનો ઉલ્લેખ કરવાનું પણ ભૂલ્યા ન હતા.

ટ્રમ્પે ગાઝા-શાંતિ-શીખર પરિષદને સંબોધન કરતા સમયે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું નામ લીધા વગર જ તેમના ભારત સાથેના સંબંધો ખૂબજ સારા હોવાનું દર્શાવતા કહ્યું કે ભારત મહાન દેશ છે અને સૌથી મહત્વનું તેના નેતા મારા મિત્ર છે અને તેઓ ખૂબ જ સારુ કામ કરી રહ્યા છે.

તેઓએ ભારત-પાક વચ્ચેના મીની યુદ્ધનો ઉલ્લેખ કરતા કહ્યું કે હું માનું છું કે ભારત-પાક હવે ખૂબજ સારી રીતે સાથે રહેશે. પહેલગામ



હુમલાના પગલે જે રીતે ભારત-પાક વચ્ચે લશ્કરી અથડામણ થઈ હતી તેમાં ટ્રમ્પ સતત એવો દાવો કરે છે કે તેઓએ બન્ને દેશો વચ્ચે અણુયુદ્ધ થવાની શકયતા હતી તે પણ અટકાવી હતી.

યુદ્ધ વિરામ કરાવ્યુ હતું. ટ્રમ્પે ભારત-પાકનો ઉલ્લેખ કરતા સમયે આ શિખર પરિષદમાં હાજર રહેવા પાક.ના વડાપ્રધાન શાહબાઝ શરીફ તરફ પાછળ જોઈને બરોબર તેવું કહ્યું અને શરીફે પણ ઉત્સાહમાં 'હા' પાડી હતી. આ અગાઉ ગઈકાલે ટ્રમ્પ ઈઝરાયેલના પાટનગર તેલઅવીવ પહોંચ્યા હતા જયાં તેઓ ગઈકાલે મુક્ત કરાયેલા ઈઝરાયેલના બંધકોને મળ્યા હતા તથા ઈઝરાયેલની સંસદને પણ સંબોધન કર્યુ હતું. તેમાં પણ ટ્રમ્પે ભારત-પાક યુદ્ધ ખત્મ કરાવ્યાનો દાવો કર્યો હતો. ટ્રમ્પે ટેરીફ અને યુદ્ધને સાંકળી લેતા કહ્યું કે હું ટેરીફ આગળ ધરીને ૨૪ કલાકમાં યુદ્ધ સમાપ્ત કરાવ્યુ છે. જો ટેરીફ ન હોત તો તમે કદી યુદ્ધ ખત્મ કરી શકો નહી. તેઓએ અગાઉ પણ પોતાની ટેરીફ તાકાતને મહત્વની ગણાવી હતી. કાઈરો બેઠકનું નેતૃત્વ ઈઝરાયેલના પ્રમુખ અબ્દેલ-ફતાહર અલ-સીસી કરી રહ્યા છે. પાક વડાપ્રધાન આ શિખર પરિષદમાં હાજર હતા. ટ્રમ્પે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પણ આમંત્રણ આપ્યુ હતું પણ મોદીએ જવાનુ પસંદ કર્યુ નથી અને ભારતનું પ્રતિનિધિત્વ વિદેશ રાજયમંત્રી કિર્તી વધેનસિંહ કરી રહ્યા છે. વડાપ્રધાન મોદીએ ગાઝાની શાંતિ-સમજુતીને આવકારી છે અને તે માટે પ્રમુખ ટ્રમ્પની પ્રશંસા પણ કરી હતી.

# રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં શિયાળાનું ધીમા પગલે આગમન

## નલિયામાં લઘુતમ ૧૮ ડિગ્રી અને રાજકોટમાં ૧૯ ડિગ્રી તાપમાન નોંધાયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં છેલ્લા બે ત્રણ દિવસથી સવારના ભાગે શિયાળાનું આગમન થતુ હોય તે પ્રકારનું વાતાવરણ સર્જાય છે અને ઠંડકનો અનુભવ થઈ રહ્યો છે જો કે બપોરે ૩૨થી ૩૫ ડિગ્રી સુધી મહતમ તાપમાન થઈ જતા ગરમી અનુભવાય છે.

દરમ્યાન આજરોજ રાજયમાં ૬ સ્થળોએ ૨૦ ડિગ્રી આસપાસ લઘુતમ તાપમાન નોંધાયુ હતું જયારે નલિયામાં ૧૮ ડિગ્રી અને રાજકોટ શહેરમાં ૧૯.૭ ડિગ્રી સાથે ઠંડકનો અહેસાસ થવા પામ્યો હતો. સવારના ભાગે પવનની ઝડપ પણ ૮થી ૧૦ કી.મી. સુધી રહેતા ઠંડી અનુભવાઈ હતી.

જયારે જામનગરમાં પણ ધીરે ધીરે શિયાળાની છાંટ વર્તાઇ રહી છે.



વહેલી સવારે ઠંડક અને બપોરના ગરમી જેવું વાતાવરણ જોવા મળ્યું છે. મિશ્ર ઋતુ શરૂ થઈ છે અને શિયાળાનું ધીરે-ધીરે આગમન શરૂ થઈ ચૂક્યું છે.

ત્યારે હવામાન ખાતાએ પણ ચોમાસુ રાજયભરમાંથી વિદાય લેશે તેવી જાહેરાત કરી છે ત્યારે જામનગર શહેરમાં પણ શિયાળો ધીમે ધીમે દસ્તક રહ્યો છે તો બીજી તરફ જામનગર શહેરમાં લઘુત્તમ તાપમાનનો પારો ૧.૫ રહયો છે.

જામનગર શહેરમાં લઘુતમ તાપમાનમાં ૧ ડિગ્રીનાં વધારા સાથે ૨૧.૫ ડિગ્રી અને મહતમ તાપમાનમાં આંશિક વધારા સાથે ૩૩ ડિગ્રી નોંધાયું છે.તો શહેરના વાતાવરણમાં ભેજનું પ્રમાણમા નોંધાયું હતું.અને પવનની ગતિ પ્રતિકલાક ૩..૬ કિમિ નોંધાઇ.

# રાજયનું રાજકારણ ગરમાયું: ૧૬મી ઓકટોબરે મંત્રીમંડળનું વિસ્તરણ થવાની શકયતા

## આજ રાત સુધીમાં મંત્રીઓની યાદી તૈયાર કરી દેવાશે

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

સોમવારે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને સંગઠન મહામંત્રી રત્નાકર દિલ્હી ગયા હતા. ત્રણેય નેતાઓએ વડાપ્રધાન મોદી સાથે મેરેથોન બેઠક કર્યા બાદ ગૃહમંત્રી અમિત શાહે આ ત્રણેય નેતાને પોતાના ઘરે જમવા માટે બોલાવ્યા હતા. આજે સવારે ત્રણેય નેતા પરત આવી ગયા બાદ એક વાત નિશ્ચિત મનાઈ રહી છે કે હવે ૧૬મીના રોજ, એટલે કે અગિયારસના પવિત્ર દિવસ જ મંત્રીમંડળનું વિસ્તરણ થઈ જશે. આમ છતાં હાલના વિધાનસભાના સ્પીકર અને પૂર્વ મંત્રી શંકર ચૌધરી અને પૂર્વ પ્રદેશ પ્રમુખ તથા પૂર્વ કેબિનેટ મંત્રી જિતુ વાઘાણીના મુદ્દે હજુ કેટલીક બાબત અવઢવ હોવાની ચર્ચા છે. આજ રાત સુધીમાં



મંત્રીમંડળની ફાઈનલ યાદીને તૈયાર કરી દેવાશે.

મંત્રીમંડળના વિસ્તરણમાં રાઘવજી પટેલનું પત્તું કપાવાની ચર્ચા છે. આજે રવિ કૃષિ મહોત્સવના કાર્યક્રમમાં હાજરી આપવા ગોધરા આવેલા કૃષિમંત્રીને જ્યારે વિસ્તરણને લઈ સવાલ કરાયો તો તેમણે કોમેન્ટ કરવાનું ટાળ્યું હતું.

રાજકીય તજજ્ઞો માને છે કે વિસ્તરણમાં ઘણી સાફસૂફી કરી દેવાશે. મુખ્યમંત્રી અને રાજ્યકક્ષાના ગૃહમંત્રી તથા રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી, આરોગ્યમંત્રી સિવાયના મોટા ભાગના મંત્રીઓને પડતા મુકાશે. તેમની જગ્યાએ જે નવા ચહેરાઓને લેવાશે એમાં સૌરાષ્ટ્રને વધુ તક મળશે.

કેબિનેટ નાણામંત્રી કનુભાઈ દેસાઈ, કૃષિમંત્રી રાઘવજી પટેલ, પાણીપુરવઠા મંત્રી કુંવરજી બાવળિયા, ઉદ્યોગમંત્રી બલવંતસિંહ રાજપૂત, પ્રવાસન મંત્રી મુળુભાઈ બહેરા,શિક્ષણમંત્રી કુબેર ડિંડોર અને સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ભાનુબેન બાબરિયા, ઉપરાંત રાજ્યકક્ષાના જે મંત્રીઓ પડતા મુકાવાની શક્યાતા છે એમાં મત્સ્ય અને પશુપાલના મંત્રી પુરુષોત્તમ સોલંકી, પંચાયત મંત્રી બચુભાઈ ખાબડ, વન અને પર્યાવરણમંત્રી મુકેશ પટેલ, અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી ભીખુસિંહ પરમાર તથા આદિજાતિ વિકાસમંત્રી કુંવરજી હળપતિનો સમાવેશ થાય છે.

દિવાળી પહેલા જ મંત્રીમંડળના વિસ્તરણની શક્યતા છે ત્યારે કૃષિમંત્રી રાઘવજી પટેલેને મંત્રીમંડળમાંથી પડતા મૂકાય તેવી શક્યતા છે. આજે ગોધરામાં યોજાઈ રહેલા રવિ કૃષિ મહોત્સવના કાર્યક્રમમાં હાજરી આપવા આવેલા રાઘવજી પટેલને જ્યારે વિસ્તરણ અંગે સવાલ કરાયો ત્યારે તેઓએ કોમેન્ટ કરવાનું ટાળ્યું હતું.

પૂર્વ મંત્રી અને સહકારી ક્ષેત્રના માંધાતા ગણાતા જયેશ રાદડિયા, હાલના વિધાનસભાના સ્પીકર શંકર ચૌધરી, રાજકોટના ધારાસભ્ય ઉદય કાનગઢ, વેજલપુરના ધારાસભ્ય અમિત ઠાકર, એલિસબ્રિજના અમિત પોપટલાલ શાહ, ભાવનગરના ધારસભ્ય અને હાલના રાજ્યકક્ષાના મંત્રી પુરુષોત્તમ સોલંકીના નાના ભાઈ હીરા સોલંકી, અમરેલીના ધારસભ્ય મહેશ કશવાલા અથવા તો ધારાસભ્ય કૌશિક વેકરિયા, ક્રિકેટર રવીન્દ્ર જાડેજાનાં ધર્મપત્ની અને જામનગરનાં ધારાસભ્ય રીવાબા જાડેજા અને કોંગ્રેસમાંથી ભાજપમાં આવીને ચૂંટણી જીતેલા પોરબંદરના બોલકા ધારાસભ્ય અર્જુન મોઢવાડિયા અને માંડવી-કચ્છના ધારાસભ્ય અનિરુદ્ધ દવે દક્ષિણ ગુજરાતના ધારાસભ્ય સંદીપ દેસાઈ, સુરતના ધારાસભ્ય સંગીતા પાટીલ તથા નડિયાદના ધારાસભ્ય પંકજ દેસાઈનો સમાવેશ થઈ શકે છે. ઉપરાંત કોંગ્રેસમાંથી આવેલા અલ્પેશ ઠાકોર, હાર્દિક પટેલ અને સી. જે. ચાવડાને મંત્રીપદ મળે એવી શક્યતા પણ જોવાઈ રહી છે.

# દિવાળીના તહેવારો દરમ્યાન રાત્રે ૮ થી ૧૦ કલાક દરમ્યાન જ ફટાકડા ફોડી શકાશે

## ગુજરાત સરકારે માર્ગદર્શિકા જાહેર કરી: મોટા અવાજે ફટાકડા ફોડવા પર પ્રતિબંધ

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

ગાંધીનગર હિન્દુઓના સૌથી મોટા તહેવારોમાંનો એક દિવાળી, દેશભરમાં ખૂબ જ ઉત્સાહથી ઉજવવામાં આવે છે, જેમાં ફટાકડા અને ફટાકડા આ તહેવારોનો એક અભિન્ન ભાગ છે.

જોકે, વાયુ અને ધ્વનિ પ્રદૂષણને રોકવા માટે, ગુજરાત સરકારે આગામી દિવાળીના તહેવાર દરમિયાન ફટાકડાના ઉપયોગ, વેચાણ અને આયાત પર



માર્ગદર્શિકા અને નિયંત્રણો જારી કર્યા છે.

ભારતની સુપ્રીમ કોર્ટ દ્વારા જારી કરાયેલા નિર્દેશો અનુસાર, રાત્રે ૮ થી રાત્રે ૧૦ વાગ્યા સુધી ફક્ત બે કલાક માટે ફટાકડા ફોડવાની મંજૂરી રહેશે. વધુમાં, મોટા અવાજે ફટાકડા ફોડવા પર સખત પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

ફટાકડા ફોડવા માટે સમય મર્યાદાઓ: દિવાળી અને અન્ય તહેવારો દરમિયાન, ફટાકડા ફક્ત રાત્રે ૮ થી ૧૦ વાગ્યા સુધી જ ફોડી શકાય છે. નાતાલ અને નવા વર્ષની ઉજવણી માટે, માન્ય સમય રાત્રે ૧૧:૫૫ થી ૧૨:૩૦ વાગ્યા સુધીનો છે .

ગુજરાત સરકારના ગૃહ વિભાગના ૩ નવેમ્બર, ૨૦૧૮ના પરિપત્ર મુજબ, જિલ્લા મેજિસ્ટ્રેટ અને પોલીસ કમિશનરોએ આ નિર્દેશોનો અમલ કરવા માટે ભાર-તીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS) ની કલમ ૧૬૩ હેઠળ જરૂરી પ્રતિબંધાત્મક આદેશો જારી કરવા જરૂરી છે.

વધુમાં, ૯ નવેમ્બર, ૨૦૨૦ના રોજ નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલના આદેશ અનુસાર , ફક્ત ઓછા ઉત્સર્જનવાળા ગ્રીન ફટાકડા ફોડવાની મંજૂરી છે, અને વાયુ પ્રદૂષણને રોકવા માટે સાવચેતીનાં પગલાં લેવા જોઈએ.

# મોબાઈલનું સૌથી વધુ વ્યસન ચીનમાં

## સ્માર્ટફોનના ઉપયોગમાં ભારત ૧૩માં સ્થાને

**મુખ્ય સમાચાર, બીજીંગ**

માત્ર ભારત જ નહીં પરંતુ દુનિયાનાં તમામ દેશો મોબાઈલના વ્યસન સામે ઝઝૂમી રહ્યાં છે. સોશિયલ મીડિયાએ દરેકને કબજે કરી લીધું છે. ચીનમાં સ્માર્ટફોનનું વ્યસન સૌથી વધુ છે. આ વર્ષે હાથ ધરવામાં આવેલાં એક અભ્યાસમાં, તેને ૩૬.૧૬ પોઈન્ટ મળ્યાં (૧૦ થી ૬૦ ના સ્કેલ પર).

આ પછી સાઉદી અરેબિયા, મલેશિયા, બ્રાઝિલ, દક્ષિણ કોરિયા, ઈરાન અને કેનેડા જેવાં દેશો આવે છે. આ માહિતી એક વૈશ્વિક અભ્યાસનાં આધારે જાહેર કરવામાં



આવી છે, જેમાં ૪૧ દેશોના ડેટાનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.

આ અભ્યાસમાં ભારતનો સ્માર્ટફોન વ્યસન સ્કોર ૩૨.૩૮ હતો, જે ૪૧ દેશોમાં ૧૩મા ક્રમે છે. જો આપણે કારણોમાં જઈએ, તો ચીનમાં ઇન્ટરનેટ નેટવર્ક એટલું વ્યાપક છે કે નાના ગામમાં પણ ઇન્ટરનેટની સરળ મળી શકે છે.

આ સિવાય ડૌયિન (ટિકટોકનું ચાઈનીઝ વર્ઝન), વીચેટ, બિલિ-બલી જેવા પ્લેટફોર્મ ખૂબ જ આકર્ષક સામગ્રી પ્રદાન કરે છે. આ જ અભ્યાસમાં કહેવામાં આવ્યું છે કે પુરુષોની તુલનામાં મહિલાઓમાં સ્માર્ટફોનનું વ્યસન વધુ હોવાનું જાણવા મળ્યું હતું એવું પણ જોવા મળ્યું હતું કે ઉંમર વધવાની સાથે આ વ્યસન ઘટતું જાય છે.

અન્ય એક અભ્યાસ બતાવે છે કે ફિલિપાઇન્સમાં લોકો તેમનાં સ્માર્ટફોન પર દરરોજ સરેરાશ ૫ કલાક અને ૩૧ મિનિટ વિતાવે છે, જે અન્ય કોઈ પણ દેશ કરતાં વધુ છે. થાઈલેન્ડ અને ચીન જેવા દેશોમાં પણ સરેરાશ સ્ક્રીન ટાઈમ ૫ કલાકથી વધુ છે. ભારતમાં લોકો તેમનાં સ્માર્ટફોન પર દરરોજ સરેરાશ ૪.૭૭ કલાક (૨૮૭ મિનિટ) વિતાવે છે.

# જામનગર શહેરમાં વર્ષ ૨૦૧૫ થી વર્ષ ૨૦૨૨ દરમિયાન રૂ.૨૫૨.૧૫ કરોડના ખર્ચે ૩૩૭૬ આવાસોનું નિર્માણ થયું



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં વર્ષ ૨૦૧૫ થી વર્ષ ૨૦૨૨ દરમિયાન રૂ.૨૫૨.૧૫ કરોડના ખર્ચે ૩૩૭૬ આવાસોનું નિર્માણ થયું.૭ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના ૨૪ વર્ષ પૂર્ણ થયા છે. વિકાસના આ સીમાચિહ્નરૂપ અવસરની ઉજવણી કરવા માટે ૭ ઓક્ટોબરથી ૧૫ ઓક્ટોબર સુધી વિકાસ સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. જે અંતર્ગત ૧૨-૧૩ ઓક્ટોબરે શહેરી વિકાસ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે.વર્લ્ડ ક્લાસ સિટી ડેવલપમેન્ટને વેગ આપવા માટે રાજ્ય સરકાર દ્વારા ૨૦૨૫નું વર્ષ શહેરી વિકાસ વર્ષ તરીકે ઊજવવામાં આવી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના શહેરી વિસ્તારોમાં રહેતા ગરીબ અને નીચલા મધ્યમ વર્ગના પરિવારોને પોતાના સ્વપ્નનું ઘર આપવા માટે પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી અમલી બનાવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં આ યોજનાના અમલીકરણમાં ગુજરાત દેશનું અગ્રેસર રાજ્ય છે. પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી માટે ગુજરાતને અત્યારસુધીમાં કુલ ૧૪ એવોર્ડ પણ મળી ચુક્યા છે.

જામનગર શહેરમાં પ્રધાનમંત્રી આવાસ યોજના.શહેરી પ્રથમ તબ્બકો અંતર્ગત વર્ષ ૨૦૧૫ થી વર્ષ ૨૦૨૨ સુધીમાં કુલ ૨૫૨.૧૫ કરોડના ખર્ચે ૩૩૭૬ આવાસોનું નિર્માણ કરવામાં આવ્યું છે. જે પૈકી ચાલુ વર્ષે ૨૦૨૫માં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પોલીસ હેડક્વાર્ટર પાછળ, શરુ સેક્શન રોડ પર નિર્માણ પામેલા ૫૪૪ આવાસોનું ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ યોજનાની સફળતાના પરિણામે સપ્ટેમ્બર ૨૦૨૪થી પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી ૨.૦ હાઉસિંગ ફોર ઓલ મિશનની જાહેરાત કરવામાં આવી હતી. આ યોજના હેઠળ ભારતભરમાં વર્ષ ૨૦૨૯ સુધીમાં ૧ કરોડ પાકાં ઘરો બાંધવાની યોજના છે.

# જામનગરમાં DAY-NRLM યોજના થકી ચાલુ વર્ષે ૧૭૬ સખીમંડળોની રચના



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લામાં છેલ્લા ૧૮ વર્ષમાં ૬૫૮૩ સખીમંડળોને રૂ.૬ કરોડનું રીવોલ્વીંગ ફંડ તથા ૨૭૦૨ સ્વસહાય જૂથોને રૂ.૨૦ કરોડની રકમનું કોમ્યુનિટી ઈન્વેસ્ટમેન્ટ ફંડ આપવામાં આવ્યું.જામનગરમાં DAY-NRLM યોજના થકી ચાલુ વર્ષે ૧૭૬ સખીમંડળોની રચના કરાઈ.

મહિલાઓમાં બચતની ટેવ કેળવાય અને સ્વરોજગાર થકી પોતાના કુટુંબને સહાયરૂપ થવાની સાથે મહિલા સશક્તિકરણની દિશામાં આગેકુચ કરી રહેલી મહિલાઓ માટે સરકારની અનેકવિધ યોજનાઓ અમલી છે. તે પૈકીની એક છે DAY-NRLM યોજના એટલે કે દિન દયાળ અંત્યોદય- રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન.દીનદયાળ અંત્યોદય યોજના રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ ગ્રામીણ વિસ્તારમાં ગરીબ કુટુંબોની મહિલાઓને સંગઠિત કરી તેઓને કૌશલ્ય તાલીમ આપી વિવિધ આજીવિકાઓ સાથે જોડાણ દ્વારા મહિલા સશક્તીકરણ કરવાનો મુખ્ય ઉદ્દેશ છે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારનાં સંયુક્ત સાહસ દ્વારા શરૂ થયેલી આ યોજનાનું અમલીકરણ ગ્રામ વિકાસ વિભાગ હેઠળ ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લી. મારફતે જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય સ્તરે કરવામાં આવી રહ્યું છે.

જામનગર જિલ્લામાં DAY-NRLM યોજના હેઠળ વર્ષ ૨૦૨૫-૨૬માં ૧૭૬ સખીમંડળોની રચના કરવામાં આવી છે. વર્ષ ૨૦૦૭ થી વર્ષ ૨૦૨૫ દરમિયાન જામનગર જિલ્લામાં ૬૫૮૩ સ્વસહાય જૂથ સખીમંડળોને રકમ રૂ.૬ કરોડથી વધુ રકમનું રીવોલ્વીંગ ફંડ તથા ૨૭૦૨ સ્વસહાય જૂથ/સખીમંડળોને રકમ રૂ.૨૦ કરોડથી વધુ રકમનું કોમ્યુનિટી ઈન્વેસ્ટમેન્ટ ફંડ આપવામાં આવ્યું છે.ઉલ્લેખનીય છે કે, દીનદયાળ અંત્યોદય યોજના-રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (DAY-NRLM) એ ગ્રામીણ વિકાસ મંત્રાલયની મુખ્ય યોજના છે, જેનો હેતુ સ્વ-સહાય જૂથો જેવી સામુદાયિક સંસ્થાઓ દ્વારા ગરીબ મહિલાઓને લાભ આપવાનો તથા બેંકોમાંથી આવશ્યક ધિરાણ ઉપલબ્ધ કરાવીને તેમના આજીવિકાનો આધાર મજબૂત કરવાનો છે. યોજના હેઠળ જૂથોને રીવોલ્વીંગ ફંડ નિયમોનુસાર આપવામાં આવે છે. મહિલાઓને વ્યવસાય ,આર્થિક ઉપાર્જનની પ્રવૃતિઓ માટે માહિતગાર કરવા અને તે રીતે આર્થિક રીતે પગભર થાય તેવા પ્રયત્નો સરકાર દ્વારા કરવામાં આવે છે.

# એલજી ઈલેક્ટ્રોનિક્સ દ્વારા નવું ફ્રેન્ચ ડોર રેફ્રિજરેટર લોન્ચ કરવામાં આવ્યું

## હવે રાજકોટના કિરણ ટેલિવિઝનમાં!




**મુખ્ય સમાચાર, રાજકોટ**

અગ્રણી ઈલેક્ટ્રોનિકસ બ્રાન્ડ એલજી ઈલેક્ટ્રોનિક્સ ઈન્ડિયા લિમિટેડ દ્વારા તેનું નવીનતમ અને અત્યાધુનિક ફ્રેન્ચ ડોર રેફ્રિજરેટર રાજકોટના જાણીતાં LG બ્રાન્ડ સ્ટોર કિરણ ટેલિવિઝન ખાતે ડિસ્પ્લે કરી વેચાણ માટે ખુલ્લું મૂકવામાં આવ્યું છે. Rajubhai Patel, Owner of Kiran Television, Mr. Nikunj Sangani (Branch Head), Mr. Mahipat Chauhan (Marketing Manager) અને Mr. Anand Bhatt (Area Head) આ મોડલના લોન્ચ દરમિયાન ઉપસ્થિત રહ્યા હતા. LG French Door Refrigerator એ એલજીની ઈનોવેશન અને સુવિધા પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે. આધુનિક ડિઝાઈન, વિશાળ સ્ટોરેજ ક્ષમતા અને સ્માર્ટ ટેકનોલોજી સાથે આ રેફ્રિજરેટર ભારતીય પરિવારો માટે એક નવી પેઢીનું કૂલિંગ સોલ્યુશન પૂરી પાડે છે? આ મોડલ ૬૧૦ લિટર સુધીની ક્ષમતા ધરાવે છે અને ૪ અલગ મોડલમાં ઉપલબ્ધ છે, જેમાં કિંમત ૧,૦૦,૦૦૦ થી શરૂ થાય છે.

# જામનગર શારીરિક અશક્ત વૃદ્ધ મહિલાનું પરિવાર સાથે મિલન કરાવતી ૧૮૧ અભયમ ટીમ




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ૧૮૧ અભયમની ટીમે એક શારીરિક રીતે અશક્ત વૃદ્ધ મહિલાનું પરિવાર સાથે મિલન કરાવ્યું છે. એક જાગૃત નાગરિક દ્વારા ૧૮૧ પર કોલ કરીને જણાવ્યું હતું કે કોઈ નિઃસહાય વૃદ્ધા એક ખેતરમાં છે અને તેઓને મદદની જરૂર છે. ત્યારબાદ તાત્કાલિક ધોરણે ૧૮૧ ટીમના કાઉન્સેલર રૂપલ મકવાણા, મહીલા કોન્સ્ટેબલ ગીતાબેન ધારવિયા અને ડ્રાઈવર સુરજીતભાઈ વાઘેલા સહિતની ટીમ ઘટનસ્થળે પહોંચ્યા હતા. ત્યાં પહોંચતા સાથે વૃદ્ધાને ભાવનાત્મક ટેકો પુરો પાડી કાઉન્સેલિંગ કર્યું હતું.આ દરમિયાન વૃદ્ધાની યાદશક્તિ નબળી જણાતા માત્ર પોતાનું અને તેમના દીકરાનું નામ જણાવ્યું હતું. અને પોતાના રહેણાંક વિસ્તારની અપૂરતી માહિતી આપી શક્યા હતા. બાદમાં અભયમની ટીમેએ માહિતીના આધારે આજુબાજુના વિસ્તારોમાં તપાસ કરતા એક વ્યક્તિ દ્વારા વૃદ્ધાની ઓળખ થઇ હતી. અને અભયમની ટીમે તેણીના પરિવારજનોનો સંપર્ક કર્યો હતો. તેઓએ જણવ્યું હતું કે તેમના બા સવારે ઘરેથી નીકળ્યા હતા અને તેઓને રસ્તો યાદ રહેતો નથી. સવારથી તેઓ શોધખોળ કરતા હતા. પરંતુ અભયમની ટીમે પુનઃ મહિલાનું પરિવારજનો સાથે મિલન કરાવતા તેઓએ સમગ્ર ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

# જામનગરના બે શખ્સ સામે સગીરા પર દુષ્કર્મ ગુજારવા અંગે નોંધાયો ગુન્હો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના બે શખ્સે એક સગીરા સાથે પરિચય કેળવ્યા પછી દુષ્કર્મ ગુજાર્યું હતું. તેની પોલીસમાં ફરિયાદ થતાં પોલીસે પોક્સો એક્ટ હેઠળ ગુન્હો નોંધી આરોપીઓના સગડ દબાવ્યા છે.જામનગરના એક વિસ્તારમાં વસવાટ કરતા પરિવારની સગીર વયની પુત્રી સાથે થોડા વખત પહેલાં પરિચયમાં આવેલા જીજ્ઞેશ પરમાર અને યશ કણઝારીયા નામના શખ્સોએ તે સગીરા પર દુષ્કૃત્ય ગુજાર્યું હતું. આ બાબતની સગીરાએ પોતાના પરિવારને જાણ કર્યા પછી મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. પોલીસે પોક્સો સહિતની કલમો હેઠળ ગુન્હો નોંધી બંને આરોપીઓને પકડી પાડવા માટે તજવીજ શરૂ. કરી છે અને સગીરાને તબીબી ચકાસણી માટે મોકલવામાં આવી છે.

# જામનગર દરેડ GIDC એસો.માં ઐતિહાસિક સત્તાપલટોઃ ઉદ્યોગિક હિતકારી પેનલની તમામ ૨૧ બેઠકો પર ઝળહળતો વિજય, પ્રગતિશીલ પેનલનો સૂર્યાસ્ત



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના વિશ્વવિખ્યાત બ્રાસ ઉદ્યોગમા દરેડ GIDC પ્લોટ એન્ડ શેડ હોલ્ડર્સ એસોસિએશનની ૨૧ કારોબારી બેઠકો માટે ગઈકાલે, ૧૨મી ઓક્ટોબર, રવિવારના રોજ યોજાયેલી ચૂંટણીમાં ઉદ્યોગ જગતમાં એક મોટો અને નિર્ણાયક સત્તાપલટો થયો છે. ઉદ્યોગિક હિતકારી પેનલ (ત્રિશૂળ) દ્વારા તમામ ૨૧ બેઠકો પર જંગી મતે ઝળહળતો વિજય મેળવવામાં આવ્યો છે, જેના કારણે સાત વર્ષથી શાસનમાં રહેલી પૂર્વ પ્રમુખ દિનેશભાઇ ડાંગરીયા નેતૃત્વ હેઠળની પ્રગતિશીલ પેનલ (સૂર્ય)ની કારમી હાર થઈ છે, અને ઉદ્યોગકારોએ ગઈકાલે જાણે 'સૂર્ય'નો અસ્ત થતો જોયો હતો.

દરેડ વિસ્તારમાં આવેલા આ એસોસિએશનના કુલ ૧૮૪૫ સભ્યોમાંથી ૧૬૪૯ સભ્યોએ ભારે ઉત્સાહપૂર્વક મતદાન કર્યું હતું, જે રેકોર્ડબ્રેક ૮૯%ની આસપાસનો મતદાન આંક દર્શાવે છે. મતદાનની પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે સવારે શરૂ થઈ બપોર સુધીમાં ૭૦% સુધી પહોંચી હતી અને સાંજે ૫ વાગ્યા સુધી અવિરત રહી હતી, જેમાં ઉદ્યોગિક હિતકારી પેનલ તરફ વધુ મતદાન થયું હોવાના સંકેતો શરૂઆતથી જ મળી રહ્યા હતા.મતદાન શરૂ થયેલી મત ગણતરીમાં ચૂંટણી પંચ દ્વારા ૧૬૪૯ મતદાનમાંથી ૩૬ મતો નાની-મોટી ખામીઓના કારણે રદ કરવામાં આવ્યા હતા, જેથી કુલ ૧૬૧૩ મતો વેલિડ ગણવામાં આવ્યા હતા. આ પરિણામોમાં ઉદ્યોગિક હિતકારી પેનલના ઉમેદવાર અતુલભાઈ ગંગદાસભાઈ પટેલે સૌથી વધુ ૯૧૦ મતો મેળવી વિજયનું સર્વોચ્ચ સ્થાન હાંસલ કર્યું હતું, જ્યારે યુવા ઉમેદવાર વિષ્ણુભાઈ મહેશભાઈ પટેલે બીજા નંબરે ૮૯૮ મતો મેળવીને જીત હાંસલ કરી હતી. જીત બાદ ઉદ્યોગિક હિતકારી પેનલના તમામ વિજેતા ઉમેદવારોએ સર્વસંમતિથી યુવા અને શિક્ષિત નેતા વિષ્ણુ મહેશભાઈ પટેલને એસોસિએશનના નવા પ્રમુખ તરીકે જાહેર કર્યા છે.ચૂંટણીના અંતે એક બેઠક પર ટાઇ પડવાનો રોમાંચક કિસ્સો બન્યો હતો, જેમાં પ્રગતિશીલ પેનલના રાજેશભાઈ ચાંગાણી અને ઉદ્યોગિક હિતકારી પેનલના રામજીભાઈ કણજારીયાને સમાન મતો મળ્યા હતા; જોકે, રાજેશભાઈ ચાંગાણીએ પોતાની ઉમેદવારી પરત ખેંચી લઈને ખેલદિલી બતાવી ઉદ્યોગિક હિતકારી પેનલના ઉમેદવાર રામજીભાઈ કણજારીયાને સમર્થન આપીને તેમને વિજયી બનાવ્યા હતા, જેથી તમામ ૨૧ બેઠકો પર એક જ પેનલનો કબજો થયો હતો. વિગતવાર આંકડાઓ દર્શાવે છે કે, કુલ ૧૬૧૩ વેલિડ મતોમાંથી ૧૩૬૯ મતો પેનલ ટુ પેનલ (સીધા એક જ પેનલને) પડ્યા હતા, જ્યારે ૨૮૦ મતદારોએ ક્રોસ વોટિંગ કર્યું હોવાનું નોંધાયું હતું, જે દર્શાવે છે કે ઉદ્યોગકારોએ વ્યક્તિગત યોગ્યતાને પણ મહત્વ આપ્યું હતું. આ શાનદાર વિજય બાદ દરેડ ઉદ્યોગમાં જબરદસ્ત ઉત્સાહનો માહોલ છવાયો છે અને ઉદ્યોગકારો નવા પ્રમુખ વિષ્ણુ પટેલના નેતૃત્વમાં ETP પ્લાન્ટ, આરોગ્ય કેન્દ્ર અને પારદર્શક વહીવટ જેવા મુદ્દાઓ પર ઝડપી કામગીરી શરૂ થવાની આશા વ્યક્ત કરી રહ્યા છે. આ ભવ્ય વિજય ઉદ્યોગકારોના મજબૂત સંગઠન અને પરિવર્તનની ઈચ્છાશક્તિનું પ્રતીક છે.

# જામનગર ખેડૂતો સાથે થતા અન્યાય મુદ્દે ધ્રોલમાં 'આપ'ની રેલીઃ કાળી પટ્ટી ધારણ કરી



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ધ્રોલમાં આમ આદમી પાર્ટીએ રેલી કાઢી હતી, કાળીપટ્ટી ધારણ કરી હત અને મામલતદાર આવેદનપત્ર આપ્યું.ખેડૂતો સાથે હળાહળ અન્યાય થઇ રહ્યો છે, તેવા ગંભીર આક્ષેપ સાથે ધ્રોલમાં આમ આદમી પાર્ટીએ રેલી કાઢી હતી, કાળીપટ્ટી ધારણ કરી હત અને મામલતદાર આવેદનપત્ર આપ્યું હતું, આ ઉપરાંત બોટાદની ઘટનાની પણ આકરી આલોચના કરવામાં આવી હતી.ખેડૂતો સાથે અનેક સ્તરે અન્યાય થઇ રહ્યા છે, એમની વાત કોઇ સાંભળતું નથી, અત્રે નોંધનીય છે કે કૃષિમંત્રી આ પંથકના જ છે, આ સંજોગોમાં ધરતીપુત્રોનો અવાજ રાજકીય સરકાર સુધી પહોંચાડવા માટે આમ આદમી પાર્ટીએ ધ્રોલના ત્રિકોણ બાગથી મામલતદાર કચેરી સુધી રેલી કાઢી હતી, આ રેલીનું પ્રસ્થાન થયું હતું અને સૂત્રોચ્ચાર કરતા કરતા દેખાવકારોનો કાફલો મામલતદાર કચેરી પહોંચ્યો હતો, જ્યાં આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.જામજોધપુરના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય હેમતભાઇ ખવા, જામનગર જિલ્લાના આપના પ્રમુખ વશરામભાઇ રાઠોડ, ધ્રોલ કિશાન સેલના પ્રમુખ વનરાજસિંહ જાડેજા, જિલ્લાના આમ આદમી પાર્ટીના મહિલા પ્રમુખ કિરણબેન રામાણી, આપના તાલુકા પ્રમુખ મયુરસિંહ જાડેજા, કરણીસેનાના પ્રમુખ શક્તિસિંહ જાડેજા, એડવોકેટ જી.કે. પટેલ, ડો. કલ્પેશ મકવાણા અને બથવારભાઇ સહિતના આગેવાનો આપની આ રેલીમાં જોડાયા હતા.અત્રે નોંધનીય છે કે, આગામી ડિસેમ્બરેના માસના રાજ્યની મહા નગરપાલિકાઓ, નગરપાલિકાઓ અને જિલ્લા તેમજ તાલુકા પંચાયતોની ચૂંટણીઓ આવી રહી છે, વાસ્તવમાં આ ચૂંટણીઓ રાજ્યની સત્તાની દ્રષ્ટિએ રાજના સેમીફાઇનલ તરીકે જોવામાં આવતી હોય છે અને જેનો હાથ ઉપર રહે તેને રાજ્યની સત્તા હસ્તગત કરવામાં સરળતા રહે છે એટલે ખેડૂતોનો રોષ સ્વાભાવિક રીતે નડી શકે.મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલને સંબોધીને આપના પ્રમુખ વશરામભાઇ રાઠોડ દ્વારા મામલતદારને અપાયેલા આવેદનપત્રમાં ટેકાના ભાવે ખરીદવામાં આવતી મગફળી ખેડૂતો ખાતાદીઠ ૩૦૦ મણથી વધારે ખરીદ કરવા તથા ખરીદી કેન્દ્ર વધારવવા તેમજ કમોસમી પાછોતરા વરસાદથી પાકમાં થયેલા નુકશાનીનો તાત્કાલિક સર્વે કરાવી વળતર ચૂકવવાની માંગણી કરવામાં આવી છે.આવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, ચાલુ વર્ષમાં સૌરાષ્ટ્રમાં મગફળીનું ગયા વર્ષની સામે બમણું વાવેતર થયું છે અને મગફળીનું બમણું ઉત્પાદન થવાનું છે. ત્યારે હાલમાં સરકાર દ્વારા ટેકાના ભાવે મગફળી વેંચવા માંગતા ખેડૂતોનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું તેમાં જામનગર જીલ્લામાં ગયા વર્ષ ૪૯૦૦૦ કરતા આ વર્ષે ૧૦૨૭૦૦ જેવું બમણી સંખ્યામાં ખેડૂત ખાતેદારોનું રજીસ્ટ્રેશન થયું છે.ત્યારે આપને સરકાર ખરેખર ખેડૂતોને મદદરૂપ થવા માંગતી હોઈ અને ખેડૂતે કરેલા ખર્ચનું યોગ્ય વળતર આપવા માંગતા હોઈતો ખેડૂત ખાતેદાર દીઠ લઘુતમ ૩૦૦ મણથી વધારે મગફળીની ખરીદી કરવી જોઈએ અથવા ખેડૂતોને ભાવંતર યોજના હેઠળ ૩૦૦ મણના ખેડૂતે જે ભાવે મગફળી વહેંચી હોઈ તેમાં રૂ. ૧૪૫૨ પ્રતિમણમાં જે ભાવફેર રહે તે ખાતામાં ચુકવવામાં આવે અથવા ખેડૂતોને જો ૩૦૦ મણથી ઓછી મગફળી ખરીદવામાં આવે તો ખેડૂતો બાકીની મગફળી યાર્ડમાં કે વેપારીઓને વહેંચે તેનો ભાવફેર રૂ. ૧૪૫૨ માં જેટલો ઘટે તે ખેડૂતોને ખાતામાં જમા કરવામાં આવે.જેથી ખેડૂતોને પોતાની મહેનતનું યોગ્ય વળતર મળી રહે. સાથે જ જામનગર જીલ્લામાં ખરીદી કેન્દ્રની સંખ્યા તાલુકા વાર ૧ થી વધારી રજીસ્ટ્રેશનની સંખ્યા મુજબ ૨ થી ૩ ખરીદી કેન્દ્ર કરવામાં આવે તો ખેડૂતોને પડતી તકલીફો દુર થાય અને ખેડૂતોની મગફળી ઝડપી ખરીદાઈ સકે અને ખેડૂતોનો વાહન તથા અન્ય ખર્ચ બચાવી શકાઈ. તો આપને ખેડૂતોના હિતમાં તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી છે.સાથે જામનગર જીલ્લામાં કમોસમી પાછત્તરા વરસાદથી ખેડૂતોને મગફળી તથા કપાસના પાકમાં જે નુકશાન થયું છે તેનો તાત્કાલિક યોગ્ય સર્વે કરાવી વળતર ચુકવવામાં આવે તેવી અમારી માંગણી છે.

# જામનગરના બ્રાસ પાર્ટના વેપારીએ સાયબર ફ્રોડમાં ૧.૮૭ કરોડ ગુમાવ્યા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર તાલુકાના ઠેબા ગામમાં રહેતા બ્રાસપાર્ટના એક વેપારી સાયબર ઠગ ટોળકીનો શિકાર બન્યા છે, અને ઓનલાઇન ટ્રેડિંગ કંપનીમાં ઇન્વેસ્ટમેન્ટ કરવાના બહાને સાત મહિનાના સમયગાળા દરમિયાન કટકે કટકે ૧ કરોડ ૮૭ લાખ જેવી માતબર રકમનું રોકાણ કરી લીધા બાદ સાયબર ચોર ટોળકીએ એકાઉન્ટ બંધ કરી દઈ વેપારીના નાણા પચાવી પાડતાં મામલો સાયબર ક્રાઇમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવાઈ છે.

ઠેબા ગામમાં રહેતા અને બ્રાસપાર્ટનો વેપાર કરતા કૌશિકભાઈ જયસુખભાઈ અગ્રાવત નામના વેપારીએ જામનગરના સાયબર ક્રાઇમ પોલીસ મથકમાં અજાણ્યા શખ્સો વિરુદ્ધ ફરિયાદ કરી જણાવ્યું છે, કે પોતાને વોટ્સએપ કોલ મારફતે કોન્ટેક કરી ટ્રેડિંગ એડવાઈઝર તરીકેની ઓળખ આપીને અલગ અલગ કંપનીની સ્કીમમાં રોકાણ કરી ઊંચું વળતર મેળવવાની લાલચ આપી તેની પાસેથી કટકે કટકે ૧,૮૭,૪૪,૪૦૭ જેવી માતબર રકમ ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લીધા બાદ રકમ કે વળતર પરત નહીં આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરવામાં આવ્યા છે.ફરિયાદી વેપારીને જાન્યુઆરી માસમાં વોટ્સએપમાં એક મેસેજ આવ્યો હતો, અને એ કંપનીને પ્રોફાઇલ મૂકવામાં આવી હતી. જેમાં સિલ્વર, ગોલ્ડ અને પ્લેટિનમ જેવી અલગ અલગ મેમ્બરશીપની સ્કીમમાં નાણાનું રોકાણ કરવાથી મોટો પ્રોફિટ મળે છે, તેવી લાલચ આપીને કટકે કટકે રોકાણ શરૂ કરાવ્યું હતું અને મેમ્બર બનાવ્યા હતા.ત્યારબાદ વોટ્સએપની પ્રોફાઇલમાં તેઓને મોટો પ્રોફિટ થઈ રહ્યો છે, તેવું દર્શાવી વધુને વધુ રોકાણ કરાવ્યે રાખ્યું હતું, જેથી વેપારી દ્વારા જામનગરની પોતાની બેંકના ખાતા મારફતે મહારાષ્ટ્રની એક બેંકના એકાઉન્ટમાં કુલ ૧,૮૭,૪૪,૪૦૭ ની રકમ ટ્રાન્સફર કરી હતી. ત્યારબાદ જુલાઈ માસમાં એકાએક કંપની બંધ થઈ ગઈ હતી, અને આ મામલે તપાસ કરતાં પોતાની સાથે ફ્રોડ થયું હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. સાયબર ક્રાઈમ પોલીસે ફરિયાદના આધારે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી તપાસનો દોર મધ્યપ્રદેશ, હૈદરાબાદ અને મુંબઈ તરફ લંબાવ્યો છે. દરમિયાન એક શખ્સને અટકાયતમાં લઈને તેની ઘનિષ્ઠ પૂછપરછ ચલાવવામાં આવી રહી છે.

# જામનગર પાલિકાની ફુડ શાખા દિવાળીના તહેવારોને લઈને હરકતમાં આવીઃ ૭૬થી વધુ ફૂડના નમૂનાઓ લેવામાં આવ્યા



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગરપાલિકાની ફુડ શાખા દિવાળીના તહેવારોને લઈને હરકતમાં આવી છે, અને લોકોને શુદ્ધ અને સાત્વિક ખાદ્ય પદાર્થની ચીજો મળી રહે, તેના ભાગરૂપે શહેરના અલગ અલગ વિસ્તારોમાં આવેલી મીઠાઈ-ફરસાણ સહિતની દુકાનોમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું, અને કુલ ૭૬ થી વધુ સેમ્પલો એકત્ર કરીને પૃથ્થકરણ માટે લેબોરેટરીમાં મોકલાવ્યા છે,તેમજ વેપારીઓને હાઈજેનિક ખોરાક અંગે જરૂરી સૂચનો કરાયા છે.દિવાળીના તહેવારને અનુલક્ષીને રાજય સરકારની ડ્રાઈવ અંતર્ગત તથા જામનગ મહાનગરપાલિકાના કમિશ્નર ડી.એન.મોદીની સુચના અને માર્ગદર્શન હેઠળ જામનગર મહાનગરપાલિકાના ફૂડ સેફટી ઓફિસર દ્વારા શહેરના અલગ અલગ વિસ્તારમાં ચેકીંગ કરાયું હતું.

જેમાં લીમડા લાઈન, પાંચ હાટડી, ગ્રેઈન માર્કેટ, કાલાવડ નાકા બહાર, ત્રણબતી દરબાર ગઢ, ઈન્દિરા માર્ગ, શંકર ટેકરી, ગુરુદ્વારા ચોકડી, અંબર ચોકડી, બેડી ગેઈટ, પટેલ કોલોની, ખંભાલીયા નાકા બહાર સહિતની વિસ્તારમાં આવેલી દુકાનોમાં ચેકિંગની કાર્યવાહી હાથ કરવામાં આવી હતી.ઉપરોક્ત તમામ દુકાનોમાંથી અલગ અલગ સ્થળેથી પનીર (૯), ફાફડા (૫), ગાઠીયા (૧), જલેબી (૩) બેસન (૧), ઘી (૧૮), માવો (૧૨), ભેંસનું દૂધ (૫) બેકરી પ્રોડ્કટ (૧૦), ખાદ્ય તેલ (૨) સુગર બોઈલ્ડ કન્ફેસનરી(પેક)(૮), ખાદ્ય પદાર્થના(સર્વેલન્સ+રેગ્યુલર નમુના લઈ પરીક્ષા અર્થે ફૂડ એન્ડ ડ્રગ લેબોરેટરી વડોદરા ખાતે મોકલવામાં આવ્યા છે. જેનો પૃથ્થકરણ રીપોર્ટ આવ્યા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

# વાંકાનેર ખાતે વિકાસ સપ્તાહ અંતર્ગત આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણી કરાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લામાં વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત મોરબી મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા વિકાસ સપ્તાહના ભાગરૂપે કસ્તુરબા ગાંધી વિદ્યાલય વાંકાનેર ખાતે આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં સાયબર સેફ્ટી અને સોશિયલ મીડિયાનો સુરક્ષિત ઉપયોગ, ડિજિટલ વિશ્વમાં સાવચેતી રાખવાની જાગૃતિ ઉત્પન્ન કરવા અંગેનો સંદેશો આપવામાં આવ્યો તથા ગુડ ટચ અને બેડ ટચ વિષયક માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ. ઉપરાંત સેલ્ફ ડિફેન્સ ડેમો દ્વારા બાલિકાઓને પ્રાયોગિક રીતે રક્ષણ તકનિક શીખવવામાં આવી હતી. કાર્યક્રમના અંતમાં વિદ્યાર્થીનીઓને બેટી બચાવો બેટી પઢાવોની થીમ પર તૈયાર કરવામાં




આવેલા કપ(મગ)નું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના આચાર્ય, શિક્ષકગણ તથા



બહોળી સંખ્યામાં વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગ્વાલીયર હાઈકોર્ટના એડવોકેટે ડો. બાબાસાહેબ આંબેડકર વિરૂધ્ધ ગેરશબ્દ ઉચ્ચારતા જામનગરમાં આવેદન



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જીલ્લા અનુ. જાતી દ્વારા ભારત રાષ્ટ્રના ચીફ જસ્ટી ઓફ ઈન્ડીયા પર જાતીવાદ કીડાએ બુટ વડે પ્રહાર કરેલ છે તે જાતીવાદ તેમજ ગ્વાલીયરના હાઈકોર્ટના એડવોકેટ અનિલ મિશ્રાએ ડો. બાબાસાહેબ આંબેડકર વિરુધ્ધ ગેર સંવિધાનીક ભાષાનો ઉપયોગ કરતા તેમજ આઈપીએસ ઓફીસર પુરણસિંહ જેઓને જાતીવાદ કીડાઓ દ્વારા શારીરીક અને માનસીક રીતે અવાર નવાર ટોર્ચર કરવા હોવાથી તેઓએ આત્મહત્યા કરી લીધેલ છે તે સમગ્ર બનાવો સોશ્યલ મિડીયા દ્વારા જાણવા મળેલ છે. ડો. બાબસાહેબ આંબેડકર તેમજ દલિત સમાજના આગેવાનો વિરુધ્ધ અપશબ્દો બોલતા હોય તેમજ સમગ્ર બનાવનું આવેદનપત્ર જામનગર જીલ્લા કલેકટરને સંબોધીને વડાપ્રધાનને આપવામાં આવેલ છે.આવેદન આપતી વખતે સમાજના આગેવાનો, બૌધ્ધ સમાજના આગેવાનો, વકીલો, નિવૃત કર્મચારીઓ તેમજ મહિલાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થીત રહ્યા હતા.

# દિવ્યકલમ ન્યુઝના બારૈયા અભિજીતના લાડકવાયા પુત્ર દિવ્યજીતનો આજે જન્મદિવસ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

માતા રિદ્ધિનો આંખનો સિતારો, બહેન રિયાનો અંગ રક્ષક સમાન બીજો અંગ દાદી મીનાબેનનો વહાલનો દરિયો નાની માલતીબેન નો ચહેરાનો સ્મિત અને પાપા અભિજીતની કાર્બન કોપી એવા દિવ્યજીત બારૈયા આજે જન્મદિવસ છે આજે તેના જન્મદિન નિમિત્તે સગા સ્નેહીઓ તેમજ પરિવારજનોએ દિવ્ય જીતને હાર્દિક શુભકામના પાઠવી છે દિવ્ય કલમ ન્યુઝ પરિવાર તરફથી પણ દિવ્યજીતને હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે

# ઈન્ટરઝોન જીટીયુ સ્પર્ધા ''ક્ષિતિજ'' માં વીવીપીનો જય જય કાર

## એક સાથે નવ સ્પર્ધાઓમાં મેદાન માર્યું: ત્રણ ટીમે પ્રથમ ક્રમાંક મેળવ્યો અને તૃતીય ક્રમાંકમાં વીવીપીએ સિક્સર ફટકારી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત ટેકનોલોજીક યુનીવર્સીટી દ્વારા આયોજીત ઈન્ટરઝોન સાંસ્કૃતિક સ્પર્ધાઓ ''ક્ષિતિજ''માં વીવીપી એન્જીનીયરીંગ કોલેજે ઉત્કૃષ્ઠ દેખાવ કર્યો છે અને એકસાથે નવ ઈનામો યુનીવર્સીટી લેવલ પર સમગ્ર ગુજરાતમાં વીવીપી એન્જીનીયરીંગ કોલેજના વિદ્યાર્થીઓએ જીતીને વીવીપીનો જય જય કાર કર્યો છે. જેમાં પ્રથમ ક્રમાંકે ત્રણ અને તૃતીય ક્રમાંકે વીવીપીએ સિક્સર ફટકારી હતી. જીટીયુ દર વર્ષે મ્યુઝીક, ડાન્સ, થીયેટર, ફાઈન આર્ટ્સ, લિટરેચર જેવી સાંસ્કૃતિક પ્રવૃતિઓનું આયોજન કરે છે. આ વર્ષે આ સ્પર્ધાઓ અમદાવાદ ખાતે યોજાઈ હતી. જેમાં વીવીપીના ૩૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને તેમાં ૦૯ ટાઈટલ જીતીને વીવીપીએ ઈતિહાસ સર્જ્યો છે.

જે વિદ્યાર્થીઓ અને ટીમના ક્રમાંક આવ્યા છે તેની યાદી આ પ્રમાણે છે. (૧) ઈન્ડીયન ગૃપ સોંગ પ્રથમ ક્રમાંક- આદિત્ય રાવલ, હિત અગ્રાવત, આર્યન ત્રિવેદી, વેણુ મોરઝરીયા, ગ્રીવા લાખણી, મુદ્રા સાંગાણી, રાજીવ શ્રીમાળી, મિત ખુંટ, (૨) દુહા છંદ પ્રથમ ક્રમાંક- હિત અગ્રાવત, (૩) ભજન પ્રથમ ક્રમાંક- આદિત્ય રાવલ, (૪) વન એક્ટ(Act) તૃતીય ક્રમાંક- પૂર્વજ પરમાર, અભિજીત શર્મા, શ્રુતિ ત્રિવેદી, અદિતિ સોની, લક્ષ્ય સાધરીયા, (૫) સ્કીટ(Skit) તૃતીય ક્રમાંક- લક્ષ્ય સાધરીયા, હર્ષલ પડિયા, પૂર્વજ પરમાર, શ્રુતિ ત્રિવેદી, આદિત્ય રાવલ, ધર્મી માણાવદરીયા, અદિતિ સોની, (૬) માઈમ તૃતીય ક્રમાંક-લક્ષ્ય સાધરીયા, હર્ષલ પડિયા, પૂર્વજ પરમાર, અભિજીત શર્મા, શ્રુતિ ત્રિવેદી, અદિતિ સોની, (૭) ક્લે મોડલીંગ તૃતીય ક્રમાંક- કોરિયા ધ્રુવ, (૮) પોસ્ટર મેકીંગ તૃતીય ક્રમાંક- કોરિયા ધ્રુવ, (૯) ક્લાસીકલ ડાન્સ તૃતીય ક્રમાંક- પ્રકૃતિ પંડ્યા સાથે જ વિદ્યાર્થીઓ ઋષિકેશ પંડ્યા, કૃણાલ વ્યાસ અને વૈભવી જીકારે પણ સાથ આપ્યો હતો.

સમગ્ર સ્પર્ધા માટે ટીમોને અને વિદ્યાર્થીઓને વ્યક્તિગત તૈયારી કરાવવા માટે સ્પેશીયલ ટીચર અને કોચની વ્યવસ્થા વીવીપી દ્વારા કરાઈ હતી. જેમાં મ્યુઝીક ક્લબ- પ્રો. સાહિલ યાજ્ઞિક અને રાજીવ શ્રીમાળી, થીયેટર ક્લબ- પ્રો. અમિત પાઠક અને આસિફ અજમેરી, ડાન્સ ક્લબ- પ્રો. હાર્દિક પંડ્યા, પલ્લવીબેન વ્યાસ, ક્રિષ્નાબેન પરમાર, યશ્વીબેન પરમાર, લીટરેચર ક્લબ- પ્રો. પૂજાબેન ઘોડાસરા, ફાઈન આર્ટ ક્લબ- પ્રો. શેરોન ક્રિસ્ટી, પ્રો. સ્વીટુ સુરેજાએ વિદ્યાર્થીઓને કોચીગ/ટ્રેનીગ આપી હતી.

પ્રો. સાહિલ યાજ્ઞિક, જીગ્નેશભાઈ કોઠારી અને પ્રો. અમિત પાઠકે મેનેજર તરીકે પણ સેવાઓ આપી હતી. સમગ્ર સ્પર્ધાઓના સફળ આયોજન અને કોઓર્ડીનેશન માટે પ્રિન્સીપાલ પિયુષભાઈ વણઝારાના માર્ગદર્શન હેઠળ કલ્ચરલ કમિટીના કન્વીનર ડો. ચાર્મીબેન ચાંગેલા, ડો. સ્નેહાબેન પંડ્યા અને પૂરી ટીમે ભારે જહેમત ઉઠવી હતી.

આ સ્પર્ધાની સફળતા બદલ સંસ્થાના ટ્રસ્ટીઓ કૌશીકભાઈ શુકલ, ડો. સંજીવભાઈ ઓઝા, હર્ષલભાઈ મણીઆર, ડો. નરેન્દ્રભાઈ દવે તથા ડો. નવીનભાઈ શેઠે શુભેચ્છાઓ પાઠવી હતી.

# વન વિભાગ દ્વારા કડક કાર્યવાહીથી વ્હેલ માછલીની ઉલ્ટીના ગુન્હેગારની જામીન અરજી રદ

### પ્રતિબંધિત વ્હેલ માછલીની ઉલ્ટીના વેચાણની ગુનાહિત પ્રવૃત્તિથી દુર રહેવા ખાસ અપીલ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

તાજેતરમાં સામાજીક વનીકરણ વિભાગ, રાજકોટના કાર્યક્ષેત્રની સામાજીક વનીકરણ રેન્જ, રાજકોટ(ઉ)ના કાર્યક્ષેત્ર વિસ્તારમાં આજી ડેમ ચોકડીના સિટી બસ સ્ટોપ પાસેથી એસ.ઓ.જી. શાખા રાજકોટને ચોક્કસ બાતમીનાં આધારે પ્રતિબંધિત વ્હેલ માછલીની ઉલ્ટી (એબરગ્રીસ)નો જથ્થો મળી આવતા આ ગુન્હો વન વિભાગ હસ્તકનો હોવાથી આ ગુનાની વધુ તપાસ અર્થે વનસંરક્ષકશ્રી, સામાજીક વનીકરણ વર્તુળ, રાજકોટ દ્વારા આ ગુન્હામાં સંડોવાયેલા ઈસમ વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવા સુચના મળી હતી, જે અન્વયે નાયબ વન સંરક્ષક, સામાજીક વનીકરણ વિભાગ, રાજકોટ તથા મદદનિશ વન સંરક્ષક એસ.ટી.કોટડીયાના માર્ગદર્શન હેઠળ રેન્જ ફોરેસ્ટ ઓફીસર રાજકોટ (ઉ) વિક્રમસિંહ.આર.પરમાર તથા રેન્જ ફોરેસ્ટ ઓફીસર રાજકોટ(દ) તથા વાઈલ્ડ લાઈફ વોર્ડન એચ.બી.મોકરીયા દ્વારા આરોપી વિરમ મનજીભાઈ બાવળીયા (ઉ.વ. ૨૭) રહે. કરીયાણા તા.બાબરા જી.અમરેલીને વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી. આરોપીને રાજકોટની કોર્ટમાં રજુ કરતા કોર્ટે ગુન્હાની ગંભીરતા ધ્યાને લઈ આરોપીની જામીન અરજી રદ કરી છે, અને આરોપીને જિલ્લા જેલ રાજકોટ ખાતે મોકલવા હુકમ કર્યો હતો. આ કામગીરીમાં ગોપાલસિંહ રાઠોડ, રાઉન્ડ ફોરેસ્ટર રાજકોટ તથા શક્તિસિંહ ઝાલા, ઈ.ચા. રાઉન્ડ ફોરેસ્ટ, રાજકોટ સીટી તથા શ વિજયસિંહ જાડેજા, વનરક્ષક સહાયક બન્યા હતાં. વધુમાં આવી ગુનાહિત કામગીરી ન કરવા વિભાગ દ્વારા ખાસ અપીલ કરવામાં આવી છે.

# ગીરગઢડા તાલુકાના જુના ઉગલા ગામે રૂ. ૧૨.૫૦ લાખના ખર્ચે તૈયાર થનાર સી.સી.રોડનું ખાતમુહૂર્ત

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**



માત્ર અઢી વર્ષના ટુંકા ગાળામાં ઉના અને ગીરગઢડા તાલુકાને વિકાસની વણથંભી વણઝાર વ્હાવનાર ઉનાના વિકાસશીલ ધારા-સભ્યશ્રી કાળુભાઈ રાઠોડએ આજરોજ ગીરગઢડા તાલુકાના જુના ઉગલા ગામે રામજીભાઈ ભગવાનભાઈ ગોહિલના ઘર પાસેથી પ્લોટ વિસ્તારના ચોક સુધી સુધી રૂ.૧૨ લાખ ૫૦ હજારના ખર્ચે'' તૈયાર થનાર સી.સી.રોડનું ખાતમુહૂર્ત ઉનાના માનનીય ધારાસભ્યશ્રી કાળુભાઈ રાઠોડ ના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ ખાતમુહૂર્ત પ્રસંગે જીલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન ડાયાભાઈ જાલોન્ધરા, જીલ્લા ભાજપ ઉપપ્રમુખશ્રી અને જીલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેનના પ્રતિનિધિશ્રી પ્રકાશભાઈ ટાંક, જીલ્લા પંચાયતના સદસ્યના પ્રતિનિધિ દકુભાઈ દોમડીયા, તાલુકા પંચાયતના પ્રમુખના પ્રતિનિધિ પ્રવીણભાઈ સાંખટ, તાલુકા પંચાયતના ઉપપ્રમુખના પ્રતિનિધિ ભીખાભાઈ કીડેચા, તાલુકા ભાજપ મહામંત્રી કે.સી.રાજપુત, સરપંચના પ્રતિનિધિ દિવ્યકાંતભાઈ ડાંગોદરા તેમજ આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીના શનાળા ગામે રહેણાંકમાંથી વિદેશી દારૂના જથ્થા સાથે એક ઝડપાયો, બે આરોપી ફરાર

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સીટી એ ડિવિઝન પોલીસે શનાળામાં ઇન્દિરાવાસમાં રહેણાંકમાં દરોડો પાડી ગેરકાયદેસર રીતે રાખેલા વિદેશી દારૂનો જથ્થો કબજે કર્યો છે. પોલીસે એક આરોપીને સ્થળ પરથી ઝડપ્યો છે જ્યારે બે આરોપી ફરાર જાહેર કર્યા છે.

મોરબી સીટી એ ડિવિઝન પોલીસે ખાનગીરાહે મળેલ માહિ-તીના આધારે મોરબી શનાળા જુના ગામના ઇન્દીરાવાસ વિસ્તારના રહેણાંક મકાનમાં દરોડો પાડી દારૂના ગેરકાયદેસર જથ્થા સાથે આરોપી સુનીલભાઇ મહેન્દ્રભાઇ દેવાણી ઉવ.૩૨ને ઝડપી પાડ્યો હતો. પોલીસે સ્થળ ઉપરથી વિદેશી દારૂની નાની મોટી ૧૪૪ નંગ બોટલ ઝડપી લીધી હતી. આ સાથે પકડાયેલ આરોપીની પૂછતાછમાં આ બીદેશી દારૂનો જથ્થો આરોપી સાગર ધીરૂભાઇ ચાવડા અને રૂષીરાજસિંહ અનિરૂધ્ધસિંહ જાડેજા પાસેથી મેળવ્યો હોવાની કબૂલાત આપતા પોલીસે તે બંનેને ફરાર જાહેર કર્યા છે.સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા.

# ગોંડલ આઇ.સી.ડી.એસ ઘટક મા આંગણવાડી વર્કર હેલ્પર બહેનોને નિવૃત્તિ બાદ ગ્રેચ્યુટી ચુકવવામાં આવી

### ગોંડલ ધટક-૧ના ૧૬ બહેનો અને ગોંડલ ધટક-૨ના૧૦ બહેનોને ૩૦,૦૪,૪૧૨ લાખની રકમ ચૂકવવામ આવી

**મુખ્ય સમાચાર, ગોંડલ**




ગોંડલ આઇ.સી.ડી.એસ ઘટક માં સરકાર દ્વારા વર્કર હેલ્પર બહેનો ને નિવૃત્તિ બાદ ગ્રેચ્યુટી ચુકવવામાં આવે જે અન્વયે આજે ગોંડલ ઘટક-૧ ના ૧૬ બહેનો અને ગોંડલ ઘટક-૨ ના બહેનો ને કુલ ૧૦ બહેનો ને ૩૦૦૪૪૧૨ લાખ ની રકમ નું ચુકવણું કરેલ છે. તેમજ ગોંડલ ઘટક-૧ અને ૨ ના બાળ વિકાસ યોજના અધિકારી સોનલબેન વાળા તેમજ કોમલબેન ઠાકર ની ઉપસ્થિત રહેલ તેમજ તમામ નિવૃત વર્કર હેલ્પર બહેની હાજરી આપેલ.તેમજ મુખ્ય સેવિકા જુનિયર ક્લાર્ક નરેન્દ્રસિંહ ગોહિલ પોતાની યાદી માં જણાવેલ છે.

# ચરાડવા મહાકાળી આશ્રમ ખાતે રામકથા પારાયણ જ્ઞાનયજ્ઞનું ભવ્ય આયોજન

### પવિત્ર સમાધિ ધામે શ્રીરામકથાનું રસપાન કરવા ભક્તોમાં ઉમંગ



**મુખ્ય સમાચાર, મોરબી**

ચરાડવા સ્થિત શ્રી મહાકાળી આશ્રમ ખાતે ગુરુદેવ દયાનંદગીરીજી મહારાજની પવિત્ર સમાધિ ધામે રામકથા અને પંચસિદ્ધ શ્રીરામ મહાયજ્ઞનું આયોજન ૨૩ ઓક્ટોબરથી ૩૧ ઓક્ટોબર સુધી ધામધૂમપૂર્વક થવાનું છે. પૂજ્ય રામેશ્વરબાપુ હરિયાણીના મધુર વચનામૃતથી ભક્તોને શ્રી રામજીની લીલાઓનું રસપાન કરાવવામાં આવશે, જ્યારે યજ્ઞના આચાર્ય તરીકે ડૉ. દિપકભાઈ શાસ્ત્રી સેવા આપશે.

હળવદ તાલુકાના ચરાડવા ગામ નજીક આવેલ પ્રસિદ્ધ શ્રી મહાકાળી આશ્રમ ખાતે પૂજ્ય દયાનંદગીરીજી મહારાજની પવિત્ર સમાધીને અર્પિત રામકથા નવાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞનું આયોજન મહંત અમરગીરીજી મહારાજના સંકલ્પથી અને સર્વે ભક્તજનોના સહકારથી કરવામાં આવ્યું છે. રામકથા ૨૩-૧૦-૨૦૨૫થી આરંભશે અને તા. ૩૧-૧૦-૨૦૨૫ ના રોજ પૂર્ણાહુતિ યજ્ઞ સાથે વિધિવત સમાપ્ત થશે. દરરોજ સવારે ૯ થી બપોરે ૧૨ તથા બપોરે ૨૩૦ થી સાંજે ૫૩૦ સુધી શ્રી રામકથાનું રસપાન વ્યાસપીઠ ઉપર પૂ. રામેશ્વરબાપુ હરિયાણી સંગીતમય શૈલીમાં ભગવાન શ્રીરામના જીવનપ્રેરક પ્રસંગો રજૂ કરશે. જે બાદ મહાયજ્ઞના આચાર્ય તરીકે ડૉ. દિપકભાઈ શાસ્ત્રી વિધિ-વિધાન સાથે યજ્ઞ કરાવશે. આ કથાના મુખ્ય યજમાન તરીકે સ્વ. કમલેશભાઈ ઉદયશંકર રાવલ પરિવાર સેવા આપી રહ્યા છે.

આ રામકથાના પ્રારંભે તા. ૨૩ ઓક્ટોબર, સવારે ૯ વાગ્યે શ્રી મહાકાળી આશ્રમથી પોથીયાત્રા નીકળશે, જેમાં ઢોલ-નગારા, ભજનો અને નૃત્ય સાથે ભક્તિભર્યું માહોલ સર્જાશે. દરરોજ કથામાં વિવિધ પ્રસંગો રજૂ થશે જેમાં સતીચરીત્ર, અહિલ્યા ઉદ્ધાર, શ્રી રામજન્મ, શ્રી રામવનગમન, કેવટપ્રસંગ, શબરીપ્રસંગ, શ્રી હનુમાન મિલાપથી લઈને શ્રી રામરાજ્યાભિષેક સુધીની પૂર્ણ કથા સંગીતમય સ્વરૂપે રજૂ થશે. રામકથા દરમિયાન ભવ્ય લોકડાયરો તા. ૨૫-૧૦-૨૦૨૫, ગાયક સાગરદાન ગઢવી તથા ભજનીક વિજયાબેન વાઘેલા દ્વારા રંગત જમાવશે. તા.૨૮-૧૦-૨૦૨૫ના રોજ ભવ્ય સંતવાણી જેમાં કલાકારો જયદિપભાઈ સોની અને જયશ્રીબેન પંડ્યા ભજનની ધૂમ મચાવશે. આ સિવાય તા.૩૦-૧૦-૨૦૨૫ ના રોજ ગીગાભાઈ આહીર, નીતાબેન કાપડી, ભક્તિબા જેઠવા, વિજુબેન આહીર દ્વારા રાસ ગરબાની રમઝટ કરવામાં આવશે. દરરોજ બપોરે ૧૨ વાગ્યે મહાપ્રસાદનું આયોજન રહેશે, જેમાં સૌ ભક્તોને સહપરિવાર પધારવા વિનંતી છે. મહંત અમરગીરીજી મહારાજ, શ્રીમહાકાળી આશ્રમ ચરાડવા દ્વારા સર્વે ભક્તજનોને પવિત્ર શ્રી રામકથામાં સહભાગી થવા હાર્દિક આમંત્રણ પાઠવ્યું છે.

# મોરબી જીલ્લામાં એક જ દિવસમાં ચાર જુદા જુદા અપમૃત્યુના બનાવ નોંધાયા

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબી જીલ્લામાં ચાર અલગ-અલગ જગ્યાએ બનેલા અપમૃત્યુના બનાવોમાં ૭૫ વર્ષીય વૃદ્ધા, ૨૫ વર્ષીય યુવાન, ૪૧ વર્ષીય મજૂર અને ૫૫ વર્ષીય પુરુષના મોત થયા હતા. પોલીસે ચારેય બનાવોમાં અ.મોતની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રથમ અપમૃત્યુના બનાવની વિગતો મુજબ, મોરબી શહેરના રવાપર-ઘુનડા રોડ તુલસી એપાર્ટમેન્ટ ૭૦૪ ઉમિયાનગર-૨ માં રહેતા ૭૫ વર્ષીય વિજયાબેન તુલસીભાઈ દેત્રોજા નામના વૃદ્ધા ઘણા સમયથી ઢીચણના દુખાવાથી પીડાતા હતા જેથી કંટાળી પોતે ઝેરી દવા પી લેતા સારવાર દરમિયાન મોતને ભેટ્યા હતા.

અપમૃત્યુનો બીજો બનાવ ઉમા ટાઉનશીપ પાસે બન્યો હતો, જેમાં મેહુલભાઈ રસીકભાઈ જોગીયાણી ઉવ.૨૫ પોતાના રહેણાંક પાસે ઓટા પરથી પડી જતા માથામાં ગંભીર ઈજા થવાથી મોરબી સરકારી હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું મરણ થયું હતું.

જ્યારે અપમૃત્યુનો ત્રીજો બનાવ મોરબી તાલુકાના નવા જાંબુડીયા ગામના શિવમ બોર્ડર ટાઈલ્સ ખાતે બન્યો હતો. અહીં કામ દરમ્યાન મડકામ ટોસે બિરુઆ ઉવ.૪૧ ઉંચાઈ પરથી પડી જતા ગંભીર ઈજા થતાં ક્રિષ્ના હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.

આ ઉપરાંત ચોથો બનાવ થોરાળા ગામ નજીક બન્યો હતો, જ્યાં અરજણભાઈ શીવાભાઈ કોળી ઉવ.૫૫ કોઈ કારણસર નાળામાં પડી જતાં પાણીમાં ડૂબી જતા તેમનું મૃત્યુ નીપજ્યું હતું.

અપમૃત્યુના ચારેય બનાવોમાં સંબંધિત પોલીસ સ્ટેશનો દ્વારા અ.મોતની નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે.

# ટંકારા: મિતાણા ગામે પવનચક્કીમાંથી કેબલ અને તાંબાની પ્લેટની ચોરી

### રૂ.૨૫ હજારનો મુદામાલ ચોરાયો, પેનલમાં પણ તોડફોડ કરી

**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારા તાલુકાના મિતાણા ગામની સીમમાં આવેલી પવનચક્કીમાંથી અજાણ્યા ચોરોએ અર્થીંગ કેબલ અને તાંબાની પ્લેટ સહિતનો રૂ.૨૫ હજારનો મુદામાલ ચોરી કરી લઈ જવાની ઘટના સામે આવી છે. ચોરી બાદ પવનચક્કીની પેનલમાં પણ તોડફોડ કરાઇ હતી. ટંકારા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરીયાદ મુજબ, ફરીયાદી પુનીતભાઈ પ્રેમનાથ રાવલ ઉવ.૩૪ રહે.હાલ ટંકારા ધર્મભકિત સોસાયટીમાં મૂળરહે. ખડગદા, તા. સાગવાડા, જી. ડુંગરપુર(રાજસ્થાન) વાળાની ફરિયાદી મુજબ, તા.૧૯ મે ૨૦૨૫ના રાત્રિના અરસામાં મિતાણા ગામની સીમમાં આવેલી પવનચક્કી નંબર--૦૧ ખાતે અજાણ્યા ચોરોએ પવનચક્કીના ગેટનો નકુચો તોડી કન્વર્ટર કેબીનમાંથી અર્થીંગ કેબલ આશરે ૧૦ મીટર વજન ૧૫ કિગ્રા જેની કિંમત રૂ.૧૭,૦૦૦/- અને ૩૦૦ ચોરસ મીમીની તાંબાની પ્લેટ વજન ૮ કિગ્રા કિ.રૂ.૮,૦૦૦/- , એમ કુલ રૂ.૨૫,૦૦૦/-ના મુદામાલની ચોરી કરી લઈ ગયા હતા. તદુપરાંત ચોરોએ પવનચક્કીની પેનલમાં આવેલી વસ્તુઓમાં તોડફોડ કરી આશરે રૂ.૫,૦૦૦/-નું નુકસાન પહોંચાડ્યું હોવાનું જાણવા મળે છે. ચોરીની આ ઘટના બાદ ફરિયાદીએ પોતાની સિક્યુરિટી કંપનીને જાણ કરવામાં આવી હતી અને તેમના તરફથી તપાસ કરવામાં આવી રહી હતી. પરંતુ આજદિન સુધી કોઈ માહિતી ન મળતા, આખરે પોલીસમાં ફરિયાદ નોંધાવામાં આવી છે. હાલ ટંકારા પોલીસે અજાણ્યા ચોર ઈસમો વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીમાં બાઇક અથડાવી ઈજાનું નાટક કરી અજાણ્યા ઈસમે યુવકને છરી દેખાડી રૂ.૮૫,૦૦૦ લૂંટ્યા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરના દલવાડી સર્કલ પાસે અજાણ્યા ઈસમે યુવકના બાઈક સાથે પાછળથી મોટરસાયકલ અથડાવી ઈજાનું બહાનું બનાવી હોસ્પિટલ લઈ જવાની વાત કરી હતી. દરમ્યાન અજાણ્યા ઇસમે છરી બતાવી ધમકી આપી રૂ.૮૫,૦૦૦ લૂંટી લઈ જવાની ઘટના સામે આવી છે. હાલ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. મળતી માહિતી મુજબ, મોરબી-કંડલા બાયપાસ દલવાડી સર્કલ પ્રધાનમંત્રી આવાસ યોજના બ્લોક નં.બી-૧૨માં રહેતા દેવમભાઈ વિકાસભાઈ રીયા ઉવ.૧૯ ગત તા. ૦૮/૧૦ના રોજ પોતાના કામના અગંડીયા પાસેથી રૂ.૮૫,૦૦૦/- લઈ મોરબી શહેર તરફ આવી રહ્યા હતા. ત્યારે દલવાડી સર્કલથી આગળ કેનાલ પાસે એક અજાણ્યા ઇસમે ઉંમર આશરે ૨૫ થી ૩૦ વર્ષ વાળાએ તેમના મોટરસાયકલને પાછળથી ટક્કર મારી હતી. ત્યારબાદ તે વ્યક્તિએ ફરીયાદીને ઈજા થવાનુ બહાનું બનાવી કહ્યું કે સારવાર માટે હોસ્પિટલ લઈ જાઓ જેથી ફરીયાદી તેના સાથે મોટરસાયકલ પર બેઠા અને બંને હોસ્પિટલ જવા નીકળ્યા. પરંતુ માર્ગમાં જ આરોપીએ અચાનક છરી દેખાડી જાનથી મારી નાખવાની ધમકી આપી, અને બળજબરીપૂર્વક ફરીયાદી પાસેથી રૂ.૮૫,૦૦૦/- લઈ ગયો હતો. હાલ એ ડિવિઝન પોલીસે ગુનો નોંધી આગળની તપાસની તજવીજ શરૂ કરી છે.

# મહિલા સાથે શારીરિક અડપલા કરી ધમકી આપનાર વ્યક્તિને કાયદાના પાઠ ભણાવતી ૧૮૧ અભયમ ટીમ

## સી.સી.ટી.વી. ના આધારે છેડતી કરનાર વ્યક્તિની ઓળખ મેળવી ફરિયાદ દાખલ કરાઈ: ૧૮૧ અને ૧૧૨ જનરક્ષક દ્વારા મહિલાઓને નિર્ભય બની આવારા તત્વો વિરુદ્ધ ફરિયાદ કરવા અપીલ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં યુવતીઓ અને મહિલાઓ નિર્ભીકપણે રહી શકે તે માટે તેમને સુરક્ષા પુરી પાડતી પોલીસ વિભાગની શી ટીમ, ૧૮૧ અભયમ હેલ્પ લાઈન અને જનરક્ષક ૧૧૨ સતત ખડે પગે રહે છે.

જો કોઈ યુવતીને પરેશાન કરવામાં આવે તો ૧૮૧ કે ૧૧૨ નંબર પર જાણ કરવાથી તેઓની મદદે ટીમ પહોંચી જશે તેમ અભયમ ટીમના સુમિતાબેન પરમારે ભરોસો આપતા જણાવ્યુ હતુ તાજેતરમાં એક બનાવમાં આવારા તત્વોને કાયદાનો પાઠ ભણાવી છેડતીનો ભોગ બનનાર મહિલાને સધિયારો આપવામાં આવ્યો હોવાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

આ અંગે તેઓએ વિગત આપતા જણાવ્યું હતું કે , તાજેતરમાં ૧૮૧ અભયમ હેલ્પલાઇન પર એક પીડિત મહિલાએ ફોન કરી જણાવ્યું હતું કે, હું રાજકોટ શહેરમાં રહું છુ. સવારે એક અજાણ્યા વ્યક્તિએ મારી છેડતી કરી છે. તેથી મારે તાત્કાલિક મદદની જરૂર છે.

પીડિત મહીલાનો ફોન આવતાની સાથે રાજકોટ ૧૮૧ અભયમ હેલ્પલાઇન ટીમના કાઉન્સેલર સુમિતાબેન પરમાર, કોન્સ્ટેબલ શિલ્પાબેન અને પાયલોટ દર્શિતભાઈ તાત્કાલિક પીડિત મહિલાની મદદ માટે રવાના થયા હતાં.

ઘટનાસ્થળ પર પહોંચીને પીડિત મહિલાનું કાઉન્સેલગ કરી તેમને આશ્વાસન આપ્યા બાદ તેમની સાથે બનેલ ઘટનાની માહિતી મેળવી હતી. પીડિતા મહીલાએ જણાવ્યું હતું કે, તે સવારે તેમના ઘરની શેરીમાં આવેલ નજીકની દુકાન પર દૂધ લેવા માટે ગયેલા ત્યારે દુકાન પર એક અજાણ્યો પુરુષ આવી અને આજુબાજુ કોઈ ન હોવાનો ફાયદો ઉઠાવી મારી સાથે શારીરિક અડપલા કર્યા હતા. મહિલાએ અજાણ્યા પુરુષનો વિરોધ કરીને થપ્પડ મારી દૂર ભગાડવા પ્રયાસ કર્યો હતો, ત્યારે એ અજાણ્યા પુરુષે પીડિતાને ધમકી આપતાં કહ્યું હતું કે, હવે હું તને રાજકોટમાં રહેવા નહીં દઉં અને રોજ તને આ જ રીતે હેરાન કરીશ.

આ બધું સાંભળીને મહિલા ખૂબ ગભરાઈ ગયા હતા. હવે આગળ શું કરવું તે સમજાતું ન હોવાથી મહીલાએ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇનનો સંપર્ક કર્યો હતો.

આ સમગ્ર મામલો સી.સી.ટી.વી. માં કેદ થયેલો હોવાથી અભયમ ટીમે સૌ પ્રથમ સી.સી.ટી.વી. ચેક કરી અડપલા કરનાર વ્યક્તિને ઓળખી કડક ભાષામાં કાયદાકીય પાઠ ભણાવી સમગ્ર મામલાની જાણ ૧૧૨ જનરક્ષક ટીમને કરી હતી.

જનરક્ષક ટીમે તાત્કાલિક ઘટના સ્થળે આવી આરોપી વ્યકિતની ધરપકડ કરી હતી. મહિલાને ન્યાય મળી રહે ને હેરાન કરનાર વ્યક્તિને કાયદાનું ભાન કરાવવા માટે મહિલાની પરવાનગીથી કેસ નજીકના પોલીસ સ્ટેશન રિફર કરવામાં આવેલ છે. પોલીસ દ્વારા હેરાન કરનાર વ્યક્તિ વિરૂદ્ધ ફરિયાદ નોંધી આગળની કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સમગ્ર કાર્યવાહી બદલ પીડિતાએ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન અને ૧૧૨ જનરક્ષક ટીમનો આભાર માન્યો હતો.

# રાજકોટમાં અડધી રાતે ભૂલી પડેલી પરપ્રાંતીય મહિલાને સુરક્ષિત આશ્રય અપાવતી અભયમ ટીમ

### સિવિલ હોસ્પિટલમાં દવા લેવા આવેલી મહારાષ્ટ્રની મહિલા પોતાનો વિસ્તાર ભૂલી જતાં અટવાઈ હતી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મહારાષ્ટ્રથી ચાર-પાંચ દિવસ પહેલાં રાજકોટ આવ્યા પછી એક મહિલા બાળકો સાથે દવા લેવા સિવિલ હોસ્પિટલ આવી. પરંતુ તે ભૂલી પડી જતાં રસ્તા કિનારે બેસીને રડી રહી હતી. જો કે માહિતી મળતાં જ ૧૮૧ હેલ્પલાઈન અભયમની ટીમ તત્કાલ પહોંચી હતી અને રાતે આ મહિલાને સુરક્ષિત આશ્રય અપાવ્યો હતો.

વાત એમ બની કે, ૧૮૧ અભયમ હેલ્પલાઈન પર એક જાગૃત નાગરિકનો કોલ આવ્યો હતો. જેમાં તેમણે જણાવ્યું હતું કે, એક બહેન રોડ પાસે તેમના બાળકો સાથે બેઠા છે. આ બહેન ભૂલા પડી ગયેલ હોય એવુ જણાય છે. આ માહિતી મળતાં જ અભયમની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ટીમે સ્થળ પર પહોંચીને જોયું તો મહિલા રડી રહ્યા હતાં.

આથી ટીમ દ્વારા સૌપ્રથમ મહિલાને સાંત્વના આપી વિશ્વાસ અપાવી મહિલાનું કાઉન્સેલિંગ કરાવવામાં આવ્યું. જેમાં મહિલાએ જણાવ્યું હતું કે, તેમને બે બાળકો છે. જેમાં મોટું બાળક ત્રણ વર્ષ અને નાનું બાળક ત્રણ માસનું છે. તેમનું મૂળ વતન મહારાષ્ટ્ર છે. તે તેમના પતિ અને બાળકો સાથે અહીંયા રાજકોટમાં ચાર-પાંચ દિવસ પહેલા આવ્યા છે. તેમના પતિ કન્સ્ટ્રકશનનું કામ કરે છે અને તે તેમના પતિ તથા બાળકો સાથે ઝૂંપડપટ્ટીમાં રહે છે.

મહિલાના જણાવ્યા પ્રમાણે, અહીંનું વાતાવરણ અનુકૂળ ન આવતા તેમના બાળકો બીમાર પડી ગયા હતા. આથી તે સિવિલ હોસ્પિટલમાં દવા લેવા માટે સિટી બસમાં આવ્યા હતા. સિવિલ હોસ્પિટલમાં ભીડ હોવાથી તે ચાલતા ચાલતા રોડ પર આવ્યા પછી બેસી ગયા હતા. તેઓ મદદ માટે કોશિષ કરતા હતા, પરંતુ કોઈ મદદ મળી નહોતી. દરમિયાન એક સજ્જન વ્યક્તિએ આ બહેનની સમગ્ર હકીકત જાણીને બહેનની મદદ માટે ૧૮૧ અભયમને ફોન કરી આપ્યો હતો.

આ મહિલાએ અભયમની ટીમને જણાવ્યું હતું કે, રાજકોટ તેના માટે અજાણ્યું શહેર હોવાથી તે ક્યાં રહે છે તે યાદ પણ નથી અને તેના વિસ્તાર વિશે પણ ખ્યાલ નથી. આથી બહેનને નજીકના પોલીસ સ્ટેશન પર લઈ જવામાં આવ્યા હતા. રાતનો સમય હોવાથી આ મહિલાને આશ્રયની જરૂર હતી. આથી ટીમ દ્વારા આ મહિલાને સખી વન સ્ટોપ સેન્ટરમાં સુરક્ષિત આશ્રય આપવામાં આવ્યો હતો. આ તકે મહિલાએ અભયમ ટીમ તથા પોલીસનો આભાર માન્યો હતો.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# HCL કૌભાંડઃ બિયોન્સ બાયો સાયન્સ-રામનાથના વિજ કનેકશન કટ...!

## યુનિટને કલોઝર અપાયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ-અમદાવાદ નેશનલ હાઇવે પર આવેલ બામણબોર જીઆઇડીસીમાં બિયોન્સ બાયો સાયન્સ અને રામનાથ નામના બે યુનિટમાંથી હાઇડ્રો કલોરીક એસિડ બારોબાર ગેરકાયદે વેચાણ કરવાનું કૌભાંડ ‘મુખ્ય સમાચારની ટીમે’ પદાર્ફાશ કર્યા બાદ ગુજરાત પ્રદુષણ નિયત્રણ કંટ્રોલ બોર્ડના અધિકારીઓએ તપાસનો ધમધમાટ શરૂ કરી કૌભાંડ આચરનાર બન્ને યુનિટના વિજ કનેકશન કટ કરી નાખી આ બન્ને યુનિટને કલોઝર આપી દેવામાં આવતા કૌભાંડકારોમાં શોપો પડી ગયો હતો.

અંલેશ્વર, દહેજ, વડોદરા, જગડીયા સહિતની જીઆઇડીસીમાં આવેલી કંપનીઓ હાઇડ્રો કલોરીક એસિડ (કેમીકલ વેસ્ટ)નો નિકાલ કરવા માટે અન્ય કંપનીઓને આ HCL ઉપાડવા માટે કરાર કરી તેઓને એક ટન દીઠ રૂ.૫ થી ૬ હજાર ચૂકવવામાં આવતા હોય ત્યારે કેટલાક કૌભાંડકારો દ્વારા પોતાના યુનિટમાં આ કેમિકલ વેસ્ટ (HCL)નો બાયો પ્રોડકટમાં ઉપયોગ કરી તેમાંથી બાયપ્રોડકટ બનાવવામાં આવતી હોય છે. પરંતુ કેટલાક કૌભાંડકારો આ કેમિકલ વેસ્ટ (HCL) જે વહેંચી ન શકાય પરંતુ બારોબાર વહેંચી લાખોની રોકડી કરી લેવાનું કારસ્તાન શરૂ કર્યુ હોય. જેથી મુખ્ય સમાચારની ટીમે આ કૌભાંડનો પર્દાફાશ કરવા જમ્પલાવ્યું હતું. તે દરમ્યાન બામણબોર જીઆઇડીસીમાં આવેલ બિયોન્સ બાયો સાયન્સ અને રામનાથ નામના બે યુનિટમાં આ પ્રવૃતિ ચાલતી હોય જેની વિગતવાર અખબારમાં સમાચાર પ્રસિધ્ધ કરવામાં આવ્યા હતા અને આ સમગ્ર મામલે ગુજરાત પ્રદુષણ કંટ્રોલ બોર્ડ ગાંધીનગરથી આદેશો છૂટતા સુરેન્દ્રનગર જીપીસીબીના અધિકારીઓની ટીમ આ બન્ને યુનિટમાં ત્રાટકી હતી અને ધગધગતો રિપોર્ટ તૈયાર કરી ગાંધીનગર વડી કચેરીએ મોકલાવવામાં આવતા આ બન્ને યુનિટને કલોઝર આપી વિજ જોડાણ કાપી નાખવામાં આવ્યા હતા. આ ઘટના બાદ કૌભાંડકારોમાં શોપો પડી ગયો હતો.

વધુમાં સુરેન્દ્રનગર જીપીસીબીના અધિકારીઓએ અગાઉ આ બન્ને યુનિટ દ્વારા છેલ્લા બે વર્ષ દરમ્યાન અંલેશ્વર, દહેજ, વડોદરા, જગડીયા સહિતની જીઆઇડીની કંપનીઓમાંથી કેટલા ટન કેમીકલ વેસ્ટ (HCL)નો જથ્થો મંગાવવામાં આવ્યો અને તેનો નિકાલ (બાયોપ્રોડકટ) કેવી રીતના કરવામાં આવ્યો તે અંગે તપાસ શરૂ કરાઇ છે અને આ સમગ્ર કૌભાંડમાં જે HCLનો જથ્થો બારોબાર મોરબીની સીરામીક ફેકટરીઓમાં વેંચી દેવામાં આવ્યો હોય અને જેમાંથી રોકડી કરી લેવામાં આવી હોય જેના ખોટા બનાવવામાં આવેલા બિલો અંગે પણ તપાસનો ધમધમાટ શરૂ કરી દેવામાં આવ્યો છે.




**ગુજરાત પ્રદુષણ નિયત્રણ બોર્ડ આકરા પાણીએ: દોઢ વર્ષ દરમ્યાન અન્ય કંપનીઓમાંથી મગાવવામાં આવેલ કેમિકલ વેસ્ટના જથ્થાના વપરાશ અંગે ધગધગતો રિપોર્ટ કરાયોઃ HCL ના ગેરકાયદે કરેલા વેચાણના બિલની તપાસ શરૂ કરાઇ**

## હુડકો કવાર્ટરમાં દસ હજારના ગાંજા સાથે ધોરાજીનો શખ્સ ઝડપાયો

### ભકિતનગર પોલીસે શે નોટુ ડ્રગ્સની ખાસ ડ્રાઇવ ઝૂંબેશ અંતર્ગત શખ્સને દબોચી લઇ રૂ.૨૪૯૬૦નો મુદ્દામાલ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર પોલીસ કમિશનર દ્વારા શહેરમાં હાલ માદક પદાર્થનું ગેરકાયદેસર વેચાણની પ્રવૃતિ સંદતર અટકાવવા ખાસ ઝૂંબેશ ચલાવવામાં આવી રહી છે અને દરેક પોલીસ સ્ટેશનમાં એક ખાસ ટીમ એનડીપીએસ સેલની રચના કરવામાં આવી છે અને આ ટીમનો મુખ્ય હેતુ યુવાધન નશીલા પદાર્થનું સેવન કરી બરબાદ ન થાય તથા યુવા વિદ્યાર્થી વર્ગ પાયમાલ થતા અટકે તેવા હેતુથી ખાસ ડ્રાયવ ગોઠવી ઝૂંબેશ હાથ ધરવામાં આવી છે ત્યારે ભક્તિનગર પોલીસે કોઠારીયા મેઇન રોડ પર આવેલ હુડકો કવોર્ટરમાંથી ધોરાજીના શખ્સને રૂ.૧૦ હજારની કિંમતના ગાંજા સાથે દબોચી લઇ વધુ તપાસ કરવામાં આવી રહી છે.



આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ભકિતનગર પોલીસ મથકના પીઆઇ મયુરધ્વજસિંહ સરવૈયાની સુચનાથી પીએસઆઇ જે.જે.ગોહિલ, એએસઆઇ હર્ષભાઇ માવદીયા, નિલેશભાઇ મકવાણા, હેડ કોન્સ. હિરેનભાઇ ચાવડા સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે મુળ ધોરાજીનો વતની અને હાલ કોઠારીયા રોડ પર હુડકો અરવિંદભાઇ મણિયાર કવોર્ટરમાં જયશ્રીબેન વગડામાના મકાનમાં ભાડે રહેતો અફઝલ રજાક મીયા શૈયદ નામનો શખ્સ ગાંજાનું ગેરકાયદે વેચાણ કરી યુવાધનને બરબાદી તરફ ધકેલવાનું કાર્ય કરતો હોય જેથી પોલીસે ઉપરોકત સ્થળે દરોડો પાડી અફઝલ શૈયદને રૂ.૯૯૬૦ની કિંમતના ૯૯૯ ગ્રામ ૬૦૦ મીલી ગાંજાના જથ્થા સાથે દબોચી લઇ એક મોબાઇલ સહિત રૂ.૨૪૯૬૦ નો મુદ્દામલ કબ્જે કરી ગાંજાનો જથ્થો કયાંથી લાવ્યો? તે દેશીમાં તપાસ શરૂ કરવામાં આવી છે.

## આરટીઆઇ કરનાર પત્રકારને ધ્રોલના શખ્સે ફોન પર ગાળો ભાંડી આપી ધમકી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના કાલાવડ રોડ પર રહેતા પત્રકારે આરટીઆઇ મારફતે માહિતી માંગી હોય જે બાબતે જામનગરના ધ્રોલમાં રહેતા શખ્સે ફોન પર ગાળો ભાંડી પત્રકારને ધમકી આપતા ગાંધીગ્રામ-૨ યુની. પોલીસમાં ધ્રોલના શખ્સ વિરૂધ્ધ ફરીયાદ નોંધાઇ છે. આ અંગેની માહિતી મુજબ કાલાવડ રોડ પર રાણી ટાવર પાસે સાંઇબાબા પાર્કમાં રહેતા પુનીતભાઇ સુરેશચંદ્ર રાવલ (ઉ.વ.૫૭) નામના પત્રકારે જામનગરના ધ્રોલના આશીફ અલ્લારખા જામી વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી છે કે, અગાઉ તેઓએ માહિતી અધિકાર ૨૦૦૫ હેઠળ બીઆરસી કોડિનેટર જોડીયાને સંબોધીને શિક્ષણ પ્રવૃતિમાં બાળકોને મળતી ગ્રાન્ટ અંગેની માહિતી આપવા અરજી કરી હોય જે બાબતનો ખાર રાખી આશીફ જામીએ પત્રકારને ફોન કરી જેમફાવે તેમ ભૂંડી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપતા ફરીયાદ નોંધાઇ છે. બનાવના પગલે હેડ કોન્સ. ગીરીરાજસિંહ ઝાલાએ ગુન્હો નોંધી ધ્રોલના શખ્સની ધરપકડ કરવા તજવીજ શરૂ કરી છે.

## ફાલકન પમ્પના કારખાનામાંથી ૨૦૦ કિલો કોપરરોડની ચોરી કરનાર તસ્કર ઝડપાયો

### ગોંડલમાં થયેરી ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો, બેની ધરપકડઃ રૂ.૧.૨૦ લાખનો મુદ્દામાલ કબ્જે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

દિવાળીના તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે શહેરીજનો રજાની મજા માણવા ફરવા જતા હોય ત્યારે બંધ મકાનને તસ્કરો નિશાન બનાવી ચોરીને અંજામ આપતા હોય છે. પરંતુ પોલીસ પણ તસ્કરો સામે લાલઆંખ કરી બાત-મીદારોનું નેટવર્ક કામે લગાડી તસ્કરોને દબોચી લેવા કવાયત શરૂ કરતા હોય તેવામાં શહેરના તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ફાલકન પમ્પ નામના કારખાનામાંથી ૨૦૦ કિલો કોપર રોડની ચોરી કરનાર તસ્કરને ક્રાઇમ બ્રાન્ચની ટીમે દબોચી લઇ ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો છે.






આ અંગેની માહિતી મુજબ ક્રાઇમ બ્રાન્ચના પીઆઇ એમ.આર.ગોંડલીયા, એમ.એલ.ડામોર, સી.એચ.જાદવની સુચનાથી પીએસઆઇ એ.એન.પરમાર, એએસઆઇ અશોકભાઇ કલાલ, રંજીતસિંહ પઢીયાર, હેડ કોન્સ. જયદેવસિંહ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે રેલ્વે સ્ટેશન નજીકથી એક શખ્સને ૨૦૦ કિલો કોપર રોડ સાથે નિકળતા પોલીસે અમોદ ઉર્ફે અમન રામસ્વાર્થસિંગ રાજપૂત (રહે.ગુલાબનગર, રોલેક્ષ બેરીંગની પાછળ, કોઠારીયા માલધારી ફાટક)ને અટકાયતમાં લઇ આકરી પુછપરછ કરતા આ શખ્સે અગાઉ તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ફાલકન પમ્પ નામના કારખાનામાંથી રૂ.૧.૪૦ લાખની કિંમતના કોપર રોલની ચોરી કર્યાની કબુલાત આપી હતી.

જયારે બીજા બનાવમાં ગોંડલમાં ઘરફોડ ચોરીના ગુન્હામાં નાસ્તા ફરતા તસ્કરોને પકડવા અને ચોરીના બનાવો અટકાવવા પીઆઇ જે.પી.રાવની સૂચનાથી પીએસઆઇ એસ.વી.ડાંગર, એ.વી.સાખટ, એએસઆઇ મદનસિંહ ચૌરાણ, હેડ કોન્સ. શક્તિસિંહ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોરીની ટેવ ધરાવતા બે શખ્સો સીસીટીવી ફૂટેજમાં કેદ થઇ જતા પોલીસે બાતમીના આધારે તસ્કર કરણ અશોક પરમાર (રહે. ગોંડલ આવાસ કવાર્ટર) અને મગન બચુ પરમાર નામના બે શખ્સોને દબોચી લઇ તેના કબ્જામાંથી રૂ.૧.૨૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

## ગરબીના આયોજન મુદ્દે ચાલતાં મનદુઃખમાં બે જૂથ વચ્ચે ધોકા ઉડયાઃ સામસામે પક્ષે બે યુવકને ઇજા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોધીકાના હરિપર પાળ ગામે ધોકાથી મારામારી થતાં સામ સામે બે યુવાનને ઈજા થઈ હતી. અગાઉ ગરબીના આયોજન બાબતે મનદુખ સર્જાયું હોઈ તેનો ખાર રાખી આ ડખ્ખો કરાયો હતો. મારમારીમાં ઘવાયેલા બંને ઈજાગ્રસ્તોને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.



આ બનાવ અંગે ની જાણવા મળતી વિગત મુજબ શહેરની ભાગોળે કાલાવડ રોડ ઉપર આવેલા લોધીકાના હરિપર પાળ ગામે રહેતાં અને ખાનગી સ્કૂલની બસનું ડ્રાઈવીંગ કરતાં ભાવેશ ગોવિંદભાઈ વાળા (ઉ.વ.૨૪) પર સાંજે ગામના જ નાજા ખીમજીભાઈ રાતડીયાએ ધોકાથી હુમલો કરી માર મારતાં અને નાક પર કડુ મારતાં માથા, નાક, શરીરે ઈજાઓ થતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

વળતા પ્રહારમાં સામા પક્ષે હરિપર પાળના નાજા ખીમજીભાઈ રાતડીયા (ઉ.વ.૨૫) ઉપર ભાવેશ વાળા, દિનેશ સહિતે ધોકાથી હુમલો કરી માર માર્યાના આક્ષેપ સાથે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે મેટોડા પોલીસને જાણ કરતા મેટોડા પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો.

પ્રાથમિક પૂછપરછમાં ભાવેશે જણાવ્યું હતું કે મારા કાકાનો દિકરો સતિષ દિનેશભાઈ વાળા ગરબીનું આયોજન કરે છે. આ વાત નાજાભાઈને ખટકતી હોઇ જે તે વખતે બોલાચાલી થઇ હતી અને મનદુખ સર્જાયું હતું. બે દિવસ પહેલા મારો ભાઈ સતિષ અવધ ખાતે સિક્યુરીટીની નોકરી પર હતો ત્યાં જઈને નાજો સહિતના ઝઘડો કરી આવ્યા હતાં. ગત સાંજે ફરીથી સતિષ સાથે આ લોકો બોલાચાલી કરતાં હોઇ હું વચ્ચે પડતાં મારા પર ધોકાથી હુમલો કર્યો હતો. પોલીસે ખરેખર કયા કારણે માથાકુટ થઇ તેની તપાસ હાથ ધરી છે.

## દિવાનપરામાં કોમ્પલેક્ષના છઠ્ઠા માળે કારખાનામાં શોર્ટ સર્કિટ થતા આગઃ એકનું મોત

### પાંચ ફાયર ફાયટરોએ ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યોઃ ચારનો બચાવ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના દિવાનપરા શેરી નં ૧૦માં આવેલ કોમ્પલેક્ષના છઠ્ઠા માળે સોનાના ઘરેણા બનાવવાના કારખાનામાં શોર્ટ સર્કિટ થતા આગ ભભૂકી હતી. બનાવના પગલે પાંચ ફાયર ફાયટરો દોડી જઈ બે કલાકની જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો.કારખાનામાં કામ કરતા પાંચ શ્રમિકોમાંથી ૩નો આબાદ બચાવ થયો હતો.જયારે એકનું મોત નિપજયું હતું.





અને એકને હાથના ભાગે ઈજા પહોંચતા તાકિદે સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો. બનાવના પગલે મોટી સંખ્યામાં લોકોના ટોળા એકઠા થયા હતા. ઘટનાની જાણ થતા જ એસીપી, એ ડીવીઝન પોલીસ મથકનો સ્ટાફ ઘટનાસ્થળે પહોંચ્યો હતો..

દિવાનપરા શેરી નં. ૧૦માં આવેલ શ્રી હરિ કોમ્પલેક્ષના છઠ્ઠા માળે સોના-ચાંદીના ઘરેણા બનાવવાના કારખાનામાં રાત્રીના પોણા બારેક વાગ્યા આસપાસ શોર્ટ સર્કિટ થતા આગ ભભૂકી હતી. દરમિયાન આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા કામ કરતા શ્રમિકોમાં નાશભાગ મચી જવા પામી હતી. ઘટનાની જાણ થતા જ કોંગ્રેસ-ભાજપના અગ્રણીઓએ ફાયર બ્રિગેડને જાણ કરતા પાંચ ફાયર ફાયટરો દોડી જઈ પાણીનો મારો ચલાવી બે કલાકે આગ પર કાબૂ મેળવ્યો હતો. ઘટનાને પગલે પીજીવીસીએલ તંત્રને પણ જાણ કરી વિસ્તારમાં વીજપુરવઠો બંધ કરાવ્યો હતો.તો બીજી તરફ આગની ઘટનાને પગલે લોકોનો ટોળા ઉમય હતા.

મોડીરાત્રીના આગ લાગવાની ઘટનાને પગલે એસીપી ચૌધરી, એ ડીવીઝન પોલીસ મથકના પીઆઈ ભરત બોરીસાગર સહિતનો મોટી સંખ્યામાં સ્ટાફ દોડી ગયો હતો. આગની આ ઘટનામાં ૪ શ્રમિકોનો આબાદ બચાવ થયો હતો. જયારે એકનું મોત નિપજયું હતું. અને એકને હાથે ઈજા પહોંચતા તાકિદે સારવાર અર્થે સિવિલ હોસ્પિ.માં ખસેડાયો હતો. ઉલ્લેખનિય છે કે જે સ્થળે આગ ભભૂકી છે તે કાયદેસર છે કે નહીં તે અંગે પોલીસે વિશેષ તપાસ હાથ ધરી છે.

## માલિયાસણ નજીક યુવતીની લાશ મળીઃ પ્રેમીએ હત્યા કરી હોવાનો પરિવારનો આક્ષેપ

### ત્રણ બાળકના પિતા સાથે ફોનમાં વાત કરતી, યુવતીના શરીર પર ઈજા ના નિશાન ન હોય જેથી પ્રેમીની પોલીસે આકરી પૂછપરછ કરી

**મુખ્ય સમાચાર, રાજકાટ**

માલિયાસણ ગામે નદીના પટમાંથી એક યુવતીની લાશ મળી હતી. ઘટના અંગે તેણીના પરિવારે દીકરીના પ્રેમી પર હત્યા કરી હોવાના આક્ષેપો કર્યા હતા જો કે બનાવની ગંભીરતાને ધ્યાને લઈને પોલીસે ત્રણ બાળકના પિતા એવા પ્રેમીને સકંજામાં લઈને આકરી પૂછપરછ કરી હતી.ત્યારે યુવતીના શરીર પર ઈજાના નિશાન ન હોય જેથી ફોરેન્સિક પીએમ કરવા તજવીજ હાથ ધરી છે.



આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ માલિયાસણ ગામે વાડીમાં રહેતી અને ખેત મજુરી કરતી ૨૫ વર્ષીય હેતલબેન રમેશભાઈ રૂડાતલા નામની યુવતીની વાડીથી થોડીક દૂર આવેલ નદીના પટમાંથી રવિવારે લાશ મળી હોવાની જાણ થતા કુવાડવા પોલીસ મથકના પીએસઆઈ ભગોરા સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો. પોલીસે જરૂરી કાર્યવાહી બાદ મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડયો હતો. ઘટના અંગે યુવતીના પરિવાર દ્વારા જણાવ્યું હતું કે, હેતલના અઢી વર્ષ પૂર્વે છૂટાછેડા થઈ ગયા હતા જે બાદ તે સોખડા ગામે રહેતા સુરેશ નામના શખસ સાથે ફોનમાં વાતચીત કરતી હતી રવિવારે રાત્રિના ૨.૩૦ વાગ્યા સુધી હેતલ વાડીએ હતી તેણી ૩ બહેન ૩ ભાઈમાં મોટી હતી અને તેના પિતા હયાત નથી વધુમાં પરિવારે આક્ષેપો કર્યા છે કે પ્રેમીએ હેતલને મારમારી હત્યા કરી નાખી છે.

પોલીસે ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને યુવતીના પ્રેમી સુરેશની પુછપરછ કરી તો તેણે જણાવ્યું હતું કે, હેતલે તેને મળવા બોલાવ્યો હતો અહીં તેણી લગ્ન કરવા માટે જીદ કરી હતી જો કે પોતે પરણિત હોય અને ત્રણ સંતાનની જવાબદારી માથે હોય ત્યારે લગ્ન માટે ના પાડી હતી. દરમિયાન હેતલના મોઢામાંથી કંઈક વાસ મારતી હોય જેથી આ અંગે પૂછતાં તેણીએ પોતે દવા પીધી હોવાનું કહ્યું હતું. ડરી ગયેલા યુવકે માતાજીના નામ લઈને રૂમાલમાં સાત ગાંઠ મારીને તેણીના ગળામાં પહેરાવી ત્યાંથી નીકળી ગયો હતો. જો કે પોલીસ સમક્ષ યુવકે આપલું નિવેદન ગળે ન ઉતરતા પીએમ રિપોર્ટની રાહ જોવાઈ રહી છે. તપાસમાં યુવતીના શરીર ઉપર કોઈ ઈજાના નિશાન જોવા મળેલા નથી ત્યારે તેના વિશેરાના રિપોર્ટ આવ્યા બાદ જ મોતનું સચોટ કારણ બહાર આવશે તેવું પોલીસે જણાવ્યું હતું.